CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૯   બુધવાર, તા.૧૭-૦૪-૨૦૨૪   અંક : ૨૧૯ વર્ષ : ૨૧   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# એક રાષ્ટ્ર, એક ચૂંટણી અમારી પ્રતિબદ્ધતા છેઃ મોદી

## વડાપ્રધાન મોદીએ ઈન્ટરવ્યુંમાં કહ્યું, મારું લક્ષ ૨૦૨૪ નહી પરંતુ ૨૦૪૭

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે મારું ટાર્ગેટ ૨૦૨૪ નહીં પરંતુ ૨૦૪૭ છે. સ્પીડ અને સ્કીલ વધારવી પડશે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ સરકારનું મોડલ જુઓ અને ભાજપ સરકારનું મોડલ જુઓ. કોંગ્રેસનું ૫-૬ દાયકાનું કામ અને ભાજપનું માત્ર ૧૦ વર્ષનું કામ જુઓ જેમાં પણ કોઈપણ ક્ષેત્રમાં સરખામણી કરો. જેમાં પણ આપણે બે વર્ષ સુધી કોવિડ સામે લડ્યા છતાં કામની સ્પીડ કહો અને સ્કેલ કહો.

ડીએમકેની તાજેતરની સનાતન વિરોધી ટિપ્પણી અને તેમના પર લોકોના ગુસ્સા પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસને પૂછવું જોઈએ કે સનાતન વિરુદ્ધ આટલું ઝેર ફૂંકનારા લોકો



સાથે બેસવાની તેમની શું મજબૂરી છે? પ્રધનમંત્રી નરેન્દ્ર મોદીએ સનાતન મુદ્દે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું હતું કે, કોંગ્રેસની માનસિકતામાં કેવા પ્રકારની વિકૃતિ છે.વન નેશન વન ઈલેક્શન પર વડાપ્રધાન મોદીએ કહ્યું કે, એક રાષ્ટ્ર, એક ચૂંટણી અમારી પ્રતિબદ્ધતા છે.

ઘણા લોકોએ સમિતિને તેમના સૂચનો આપ્યા છે. ખૂબ જ સકારાત્મક અને નવાજ સૂચનો આવ્યા છે. પીએમ મોદીએ કહ્યું હતું કે, હું બે વર્ષ પહેલાથી જ ૨૦૪૭ના વિઝન પર કામ કરી રહ્યો છુ. મેં દેશભરના લોકો પાસેથી સૂચનો માંગ્યા હતા કે તેઓ આગામી ૨૫ વર્ષમાં દેશને કેવી રીતે જોવા માંગે છે. ૧૫ થી ૨૦ લાખ લોકોએ ઈનપુટ આપ્યા છે . છૈંની મદદથી તેના પર કામ કર્યું તેમજ દરેક વિભાગમાં અધિકારીઓની ટીમ બનાવી અને મેં તેમની સાથે પ્રેઝન્ટેશન જોયા છે. તેમણે ઉમેર્યું

## ઓડિશામાં બ્રિજ ઉપરથી બસ ખાબકતા પનાં મોતઃ ૪૦ ઘાયલ

જાજપુર,

ઓડિશાના જાજપુર જિલ્લામાં ગઈરાત્રે અકસ્માત સર્જાયો હતો. કોલકાતા જતી બસ પુલ પરથી નીચે ખાબકી હતી. આ અકસ્માતમાં એક મહિલા સહિત પાંચ લોકોના મોત થયા હતા અને ૪૦ ઘાયલ થયા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, નેશનલ હાઈવે-૧૬ પર બારાબતી પુલ પર રાત્રે ૯ વાગ્યે આ અકસ્માત થયો હતો. બસમાં ૫૦ મુસાફરો હતા અને બસ પુરીથી કોલકાતા જઈ રહી હતી. આ અકસ્માતમાં ચાર પુરૂષ અને એક મહિલાના મોત થયા છે. પોલીસે જણાવ્યું કે ચાલીસ લોકો ઘાયલ છે અને તેમાંથી ૩૦ને કટક એસસીબી મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યા છે. મુખ્યમંત્રી નવીન પટનાયકે આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના પરિવારજનોને ૩-૩ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી.

## UPSCનું ફાઈનલ રિઝલ્ટ જાહેર

### આદિત્ય શ્રીવાસ્તવ બન્યા ટોપર : ગુજરાતના ત્રણ ઉમેદવાર પણ ટોપ ૧૦૦માં સામેલ

નવીદિલ્હી,

યુપીએસસી ૨૦૨૩નું ફાઈનલ રિઝલ્ટ આજે જાહેર થયું છે. ઉમેદવારો પોતાનું પરિણામ (upsc) યુપીએસસીની અધિકારીક વેબસાઈટ upsc.gov.in પર ચેક કરી શકે છે. પરીક્ષામાં આદિત્ય શ્રીવાસ્તવે ટોપ કર્યું છે. અનિમેષ પ્રધાન બીજા નંબરે રહ્યા છે.

આ પરિણામમાં ગુજરાતના ૩ લોકો ટોપ ૧૦૦માં શામેલ છે. ગુજરાતના કુલ ૨૫થી વધુ ઉમેદવારો સફળ થયા છે. આઈએએસ, આઈએફએસ અને આઈપીએસ સહિત ૧૧૪૩ જગ્યાઓ માટે ૧૦૧૬ ઉમેદવારોની નિયુક્તિ કરવામાં આવી છે. જેમાંથી ૩૪૭ જનરલ કેટેગરી છે.

૧૧૫ ઈડબલ્યુએસ, ૩૦૩ ઓબીસી, ૧૬૫ એસસી, ૮૬ એસટી કેટેગરી છે. ૩૫૫ ઉમેદવારોના પરિણામ પ્રોવિઝનલ રખાયા છે .પરીક્ષાર્થીઓના માર્ક્સ રિઝલ્ટની જાહેરાત લગભગ ૧૫ દિવસ બાદ કરવામાં આવશે. ૯ એપ્રિલ ૨૦૨૪ સુધી યુપીએસસી સિવિલ પરીક્ષાના ઈન્ટરવ્યૂ ચાલ્યા હતા. મુખ્ય પરીક્ષામાં પાસ થનારા લગભગ ૨૮૪૬ ઉમેદવારોને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા હતા. યુપીએસસીએ સિવિલ સેવા પરીક્ષા ૨૦૨૩ હેઠળ આઈએએસ, આઈપીએસ સહિત ૧૧૪૩ ૫દ ઉપર ભર્તી નીકાળી હતી. જેમાં આઈએએસના ૧૮૦, આઈપીએસ માટે ૨૦૦ અને આઈએફએસના ૩૭ ૫દ હતા.

## ઈરાન સામે તમામ પ્રતિબંધો લગાવવા ઈઝરાયલની સંયુક્ત રાષ્ટ્રસંઘમાં માગણી

ગાઝા,તા.૧૬

ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ ઈરાન પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવાની માગણી ઈઝરાયલે કરી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં ઈઝરાયલના ઍમ્બૅસૅડર ગિલાડ એર્ડને માગણી કરી હતી કે ’ઈરાનના હુમલા બાદ એના પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવામાં આવે. અમે માગણી કરીએ છીએ કે ઈરાને કરેલી હરકત માટે મોડું થઈ જાય એ પહેલાં એની સામે પગલાં લેવાની જરૂર છે.

જોકે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઈરાનના પ્રતિનિધિ આમિર સઈદે કહ્યું હતું કે ‘સંયુક્ત રાષ્ટ્રસંઘ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવામાં નિષ્ફળ રહ્યું છે. ઈઝરાયલે સિરિયામાં અમારી કૉન્સ્યુલેટ પર હુમલો કર્યો હતો. અમને પણ અમારા બચાવમાં પ્રતિકાર કરવાનો અધિકાર છે અને અમારી પાસે એના સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. અમને યુદ્ધ જોઈતું નથી. જોકે અમારા પર હુમલો થશે તો એનો વળતો જવાબ આપવામાં આવશે.’અમેરિકા ઈઝરાયલને આશરે ૧.૧૭ લાખ કરોડ રૂપિયાની મદદ કરશે. આ માટે પ્રેસિડન્ટ જો બાઈડને સંસદ સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો છે.

## દિનેશ કાર્તિકે સૌથી લાંબી સિક્સર ફટકારી

બેંગલુરુ,તા.૧૬

સનરાઈઝર્સ હૈદરાબાદે આ આઈપીએલ સિઝનમાં પોતાની વિસ્ફોટક બેટિંગ શૈલી જાળવી રાખીને આરસીબીને બરબાદ કરી દીધું.

બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સોમવાર ૧૫મી એપ્રિલની સાંજે રમાયેલી મેચમાં, હૈદરાબાદે ટ્રેવિસ હેડની ધમાકેદાર સદી અને બાકીના બેટ્સમેનોની વિસ્ફોટક ઈનિંગ્સના આધારે ૨૮૭ રનનો રેકોર્ડ સ્કોર બનાવયો હતો. ટ્રેવિસ હેડની શાનદાર સદીએ બધાનું ધ્યાન ખેંચ્યું ત્યારે હેનરિક ક્લાસેન પણ પાછળ ન રહ્યો અને



તેણે સિક્સરનો વરસાદ કરીને સિઝનનો સૌથી મોટો સિક્સર ફટકાર્યો.

ગત વર્ષે ક્લોસેને બેંગલુરુ સામે ૧૦૪ રનની જબરદસ્ત ઈનિંગ રમી હતી પરંતુ તેમ છતાં તેની ટીમ હારી ગઈ હતી. આ વખતે ક્લાસેન સદી ફટકારી શક્યો ન હતો પરંતુ તેણે બીજી શાનદાર ઈનિંગ સાથે ટીમની જીત લગભગ સુનિશ્ચિત કરી હતી. ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ ૮.૧ ઓવરમાં ૧૦૮ રન ઉમેર્યા બાદ ક્રિઝ પર આવેલા ક્લોસેને આવતાની સાથે જ સિક્સર મારવાનું શરૂ કરી દીધું હતું.

ક્લાસેને આ ઈનિંગમાં કુલ ૭ સિક્સર ફટકારી હતી અને આ સિક્સરમાંથી એક સિક્સર સીધી ચિન્નાસ્વામી સ્ટેડિયમની છતને પાર કરી ગઈ હતી. આ સિઝનમાં પોતાની પ્રથમ મેચ રમી રહેલો RCBનો ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન તેનો શિકાર બન્યો હતો. ફર્ગ્યુસનને આ મેચમાં પહેલા જ ઘણી સિક્સર પડી હતી.

## IPL મેચમાં સ્ટેડિયમમાંથી સોશિયલ મીડિયા પર વીડિયો કે તસ્વીર શેર કરવા પર થશે દંડ

મુંબઈ,તા.૧૬

હાલમાં આઈપીએલની ૧૭મી સિઝન ચાલી રહી છે , ત્યારે આઈપીએલ દરમિયાન ખેલાડીઓ તેમની તસ્વીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા હોય છે. બધા ફ્રેચાઈઝી અને કોમેન્ટેટરો પણ તેમના ચાહકોને ક્રિકેટની અપડેટ આપવા સોશિયલ મીડિયા પર મેચની તસ્વીર અને વીડિયો શેર કરતા હોય છે. હવે બીસીસીઆઈએ આના પર મર્યાદા લાદવાનો નિર્ણય કર્યો છે. હવે જો કોઈ પણ ટીમના ખેલાડી અને કોમેન્ટેટરને પોસ્ટ કરવા માટે કેટલાક નિયમોનું પાલન કરવુ પડશે.

એક રિપોર્ટ અનુસાર બીસીસીઆઈ એ બધા ખેલાડીઓ, કોમેન્ટેટરો, આઈપીએલના માલિકો અને સોશિયલ મીડિયા અને કન્ટેન્ટ ટીમને સુચના જાહેર કરી છે.

## પટણામાં ક્રેન સાથે ઓટો અથડાઈ, ૭ના મોત

પટણા,તા.૧૬

પટણામાં મેટ્રો માટે કામ કરતી ક્રેન અને ઓટો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી, જેમાં સાત લોકોના મોત થયા હતા. ઓટોમાં આઠ લોકો સવાર હતા. આ ઘટના કાંકરબાગ પોલીસ સ્ટેશન વિસ્તારના નવા બાયપાસમાં બની હતી. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટીનો માહોલ ફેલાઈ ગયો હતો. ઘટના અંગે ટ્રાફિક ડીએસપીએ જણાવ્યું કે મીઠાપુરથી ઝેરોમાઈલ તરફ એક ઓટો જઈ રહી હતી, જેમાં આઠ લોકો મુસાફરી કરી રહ્યા હતા. બીજી તરફ મીઠાપુર પાસે મેટ્રોનું કામ ચાલી રહ્યું હતું.

### સીએમ નીતિશ કુમારે દુઃખ વ્યક્ત કર્યું



આ ક્રમમાં ઓટો મેટ્રો ક્રેન સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં એક મહિલા અને એક બાળક સહિત ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા જ્યારે ત્રણ લોકોના હોસ્પિટલમાં લઈ જતી વખતે મોત થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટનામાં મોતિહારી, રોહતાસ અને નેપાળના લોકો પટના જંક્શનથી ઉતરીને ઓટો દ્વારા ઝીરો માઈલના બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા, ત્યારે રામ કૃષ્ણ નગર બાયપાસ પર આ અકસ્માત થયો હતો.

મૃત્યુ પામેલાઓમાં ઈન્દ્રજીત દાસ (૨૯), લક્ષ્મણ દાસ (૬૦), ઉપેન્દ્ર બેથા (૪૦), નેહા કુમારી (૩૨), અભિનંદન કુમાર (૫), રાની કુમારી (દોઢ વર્ષ), પિંકી દેવી (૨૨)નો સમાવેશ થાય છે. માત્ર એક જ યુવક મુકેશ સાહની (૨૬)નો સમાવેશ થાય છે. પિંકી મોતિહારી જિલ્લાના સેમરા સાકરદિરાની રહેવાસી હતી.

### સલમાનના ઘરની બહાર ફાયરિંગ કરનારા

## બંન્ને આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મંજુર

મુંબઈ,

અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરનારા બે આરોપીને મુંબઈની કોર્ટે ૧૦ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સોમવારે મોડીરાત્રે ભુજથી બંને આરોપીની ધરપકડ કરી હતી. મંગળવારે બપોરે તેમને મુંબઈ લાવવામાં આવ્યા હતા.

બંને આરોપીની ઓળખ વિકી સાહેબ ગુપ્તા અને સાગર શ્રીજોગેન્દ્ર પાલ તરીકે થઈ છે. બંને બિહારના રહેવાસી છે. પોલીસ તેમને લઈને મુંબઈ પહોંચી ગઈ છે. પોલીસે જણાવ્યું હતું કે બંને આરોપીએ જે પિસ્તોલ વડે ફાયરિંગ કર્યું હતું એ પિસ્તોલ સુરતની તાપી નદીમાં ફેંકી દીધી હતી.૧૪ એપ્રિલે સવારે ૫ વાગ્યે બાંદ્રામાં સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની સામે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. બાઈક પર આવેલા બે હુમલાખોરે ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ સમયે સલમાન તેના ઘરે હતો. ઘટના બાદ સલમાનના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.CCTV ફૂટેજમાં જોવા મળે છે કે બંને આરોપીએ સ્પોર્ટ્સ કેપ પહેરેલી હતી અને તેમના ખભા પર બેગ લટકતી હતી.

## રામદેવ અને બાલકૃષ્ણએ એક સપ્તાહમાં જાહેરમાં માફી માંગવી જોઈએઃ સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

### બાલકૃષ્ણ સાથે વાત કરતી વખતે બેન્ચે તેમને કહ્યું, ’તમે સારું કામ કરી રહ્યા છો પરંતુ તમે એલોપેથીને અધોગતિ કરી શકતા નથી.’

નવીદિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે મંગળવારે યોગ ગુરુ રામદેવ, તેમના સહયોગી બાલકૃષ્ણ અને પતંજલિ આયુર્વેદને ભ્રામક જાહેરાતના કેસમાં જાહેરમાં માફી માંગવા માટે એક સપ્તાહનો સમય આપ્યો છે. સુનાવણી દરમિયાન રામદેવ અને બાલકૃષ્ણ બંને હાજર હતા અને તેઓએ વ્યક્તિગત રીતે સર્વોચ્ચ અદાલતમાં બિનશરતી માફી માંગી હતી. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદીન અમાનુલ્લાહની બેન્ચે તેમની માફી અંગે સંજ્ઞાન લીધું હતું, પરંતુ સ્પષ્ટ કર્યું હતું કે આ તબક્કે અમે કોઈ છૂટ આપવાનો નિર્ણય લીધો નથી. બાલકૃષ્ણ સાથે વાત કરતી વખતે બેન્ચે તેમને કહ્યું, ’તમે સારું કામ કરી રહ્યા છો પરંતુ તમે એલોપેથીને અધોગતિ કરી શકતા નથી.’

બેન્ચ સાથે વાત કરતા રામદેવે એમ પણ કહ્યું હતું કે તેમનો કોઈપણ રીતે કોર્ટનો અનાદર કરવાનો ઈરાદો નથી. જો કે, બેન્ચે બાલકૃષ્ણને કહ્યું કે તે (પતંજલિ) એટલા નિર્દોષ નથી કે તેમને ખબર ન હોય કે આ મામલે સુપ્રીમ કોર્ટે તેના અગાઉના આદેશોમાં શું કહ્યું હતું.

પતંજલિની ભ્રામક જાહેરાત કેસની સુનાવણી હવે ૨૩ એપ્રિલે થશે. તે દિવસે કોર્ટે બાબા રામદેવ અને પતંજલિના એમડી આચાર્ય બાલકૃષ્ણને કોર્ટમાં હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. આ પહેલા મંગળવારે સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન મુકુલ રોહતગીએ કોર્ટને કહ્યું કે રામદેવ આ મામલે જાહેરમાં માફી માંગવા માંગે છે. તેના પર જસ્ટિસ હિમા કોહલીએ કહ્યું કે કોર્ટ સાંભળવા માંગે છે કે રામદેવ અને બાલકૃષ્ણ શું કહેવા માંગે છે, તેમને આગળ આવવા માટે કહો.

## છત્તીસગઢમાં સુરક્ષાદળોએ ૧૮ નક્સલીઓને કર્યા ઢેર

રાયપુર,તા.૧૬

દેશમાં ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન થવાનું છે. તેવામાં ચૂંટણી પહેલા છત્તીસગઢના કાંકેરમાં અથડામણ થઈ છે. પોલીસ અને નક્સલીઓ વચ્ચે અથડામણમાં ત્રણ જવાનોના ઈજાગ્રસ્ત થવાના સમાચાર છે. બેઠિયા વિસ્તારના માડ એરિયામાં આ અથડામણ ચાલી રહી છે, ઈજાગ્રસ્ત જવાનોને જંગલમાંથી કાઢવા માટે વધારાની ફોર્સ મોકલવામાં આવી છે.

સૂત્ર પ્રમાણે નક્સલી કમાન્ડર શંકર રાવને પણ આ અથડામણમાં ઠાર કરાયાની આશંકા છે. અત્યાર સુધી ૧૮ મૃતદેહ કબજે કરવામાં આવ્યા છે, સાથે મોટી સંખ્યામાં ઓટોમેટિક રાઈફલો પણ મળી આવી છે. જાણકારી પ્રમાણે ૩ પોલીસકર્મી આ અથડામણમાં ઈજાગ્રસ્ત થયા છે.

પોલીસ જલ્દી આ મામલે સત્તાવાર નિવેદન આપશે.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું- નાના બેઠિયા પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત જંગલમાં તે સમયે ગોળીબારી શરૂ થઈ જ્યારે સીમા સુરક્ષા દળ અને જિલ્લા રિઝર્વ ગાર્ડની એક સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાન પર નિકળી હતી. તેમણે કહ્યું કે ગોળીબારીમાં સુરક્ષાકર્મી ઈજાગ્રસ્ત થયા છે.



## આજે રામલલાને ૧૧૧૧૧૧ કિલો લાડુનો ભોગ

### અયોધ્યામાં રામ મંદિરમાં આજે દર્શનાર્થે ૧૫ લાખથી વધુ ભાવિકોની ભીડ થવાની સંભાવના

અયોધ્યા,

રામ નવમીને લઈને માત્ર અયોધ્યા જ નહીં, પરંતુ દેશભરના ભક્તો ઉત્સાહિત છે. આ અવસર પર ૧૭ એપ્રિલે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં ૧૫ લાખથી વધુની ભીડ થવાની સંભાવના છે. મિર્ઝાપુરથી ૧,૧૧,૧૧૧ કિલો લાડુ લોકોને વિતરણ માટે મોકલવામાં આવી રહ્યા છે. શહેરના સાળા હંસ બાબા ટ્રસ્ટ દ્વારા પ્રસાદ મોકલવામાં આવી રહ્યો છે. ૨૨ જાન્યુઆરીએ, અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે, દેવરાહ હંસ બાબા આશ્રમે ૧,૧૧૧ મણ લાડુ (એક મણ બરાબર ૪૦ કિલો) અર્પણ માટે મોકલ્યા હતા. રામનવમી પર ઉત્તર પ્રદેશના અયોધ્યામાં અંદાજે ૪૦ લાખ ભક્તોના આગમનના અનુમાનને ધ્યાનમાં રાખીને, રામ મંદિર ટ્રસ્ટે ૧૫ થી ૧૮ એપ્રિલ સુધી વીઆઈપી દર્શન અને વીઆઈપી પાસ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે.

મંદિર ટ્રસ્ટ ઓફિસના પ્રભારી પ્રકાશ ગુપ્તાના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન ભક્તો સુગમ દર્શન પાસ અને આરતી પાસનો ઉપયોગ કરી શકાશે નહીં. આ સમયગાળા માટે ઓનલાઈન જાહેર કરાયેલા સુગમ અને આરતી પાસ રદ કરવામાં આવ્યા છે. ઓફિસ ઈન્ચાર્જે કહ્યું કે રામ નવમીની મુખ્ય તારીખો પર આવતી ભીડને ધ્યાનમાં રાખીને વધુને વધુ ભક્તો રામલલ્લાના દર્શન કરી શકે તે માટે એવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ અંતર્ગત સુગમ દર્શન અને આરતી માટેના પાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

CMYK CMYK

# લોકસભાની ચૂંટણી દરમિયાન લાંચ આપનાર કે લેનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે

## લાંચ આપનાર કે લેનાર બંને સામે કેસ નોંધવા ફલાઈંગ સ્કોડ સક્રિય

અમરેલી:કોઈ પણ વ્યકિતને તેના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રલોભન આપવાના ઉદ્દેશથી, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રોકડ કે વસ્તુ સ્વરૂપે કોઈ પણ લાંચ લેતી કે આપતી કોઈ પણ વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૭૧-ખ મુજબ એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર છે. વધુમાં કોઈપણ ઉમેદવાર કે મતદાર કે અન્ય કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડવાની ધમકી આપતી કોઈ પણ વ્યક્તિ ભારતીય દંડ

**નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ ઉપર જાણ કરી ફરિયાદ નોંધાવી શકાશે**

સંહિતાની કલમ-૧૭૧-ગ મુજબ એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર છે. લાંચ આપનાર કે લેનાર બંને સામે કેસ નોંધવા તેમજ મતદારોને ધાકધમકી આપવામાં સામેલ વ્યકિતઓ સામે કાર્યવાહી કરવા માટે શીઘ્ર કાર્ય ટુકડી (ફ્લાઈંગ સ્કવોડ)ની રચના કરવામાં આવી છે. આથી તમામ નાગરિકોને કોઈ પણ પ્રકારની લાંચ નહિ લેવા અને કોઈપણ વ્યક્તિ લાંચ લેવાનું કહે અથવા લાંચ વિશે કોઈપણ જાણકારી મળે અથવા મતદારોને ધાક ધમકી આપવામાં આવી હોય તેવા કિસ્સાની જાણ થાય તો તે અંગે ફરિયાદ મેળવવા માટે જિલ્લાના ૨૪*૭ કાર્યરત ફરિયાદ દેખરેખ નિયંત્રણ એકમના ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ પર જાણ કરવા અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ એક યાદીમાં અનુરોધ કર્યો છે.

# ઉના ખાતે રામનવમીના તહેવારની ઉજવણી સંદર્ભે વૈકલ્પિક રૂટ જાહેર કરાયા

ગીર સોમનાથ:જિલ્લામાં આગામી તા.૧૭/૦૪/૨૦૨૪ના રોજ ઉના શહેર વિસ્તારમાં રામનવમીના પર્વની ઉજવણી સંદર્ભે ખૂબ જ મોટી સંખ્યામાં જનમેદની એકઠી થવાની છે. આ દરમિયાન કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારૂ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને. તેમજ ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે હેતુસર કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા વૈકલ્પીક રુટ માટેનુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

ગીર સોમનાથ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૬)ના મુજબ જિલ્લાના ઉના શહેર મુકામે ઉના લામધાર ગામના પાટીયા પાસેથી તેમજ ઉના રોકડીયા હનુમાન મંદિર પાસેથી ઉના શહેરમાં થઈ રાજય ધોરી માર્ગ પર પસાર થતો વાહન વ્યવહાર ડાયવર્ટ કરી વૈકલ્પીક રૂટ તરીકે ઉના લામધાર ગામના પાટીયાથી ઉના બાયપાસ રોડ થઈ ઉના સજાવટ હોન્ડા શો-રૂમથી થઈ રાજય ધોરી માર્ગનો રૂટ જાહેર કરવામાં આવ્યો છે.

આ જાહેરનામું તા.૧૭/૦૪/૨૦૨૪ના કલાક ૧૪:૦૦ થી કલાક ૨૨:૦૦ સુધી અમલમાં રહેશે. આ હુકમ ફરજ ઉપરના સરકારી વાહનો તથા ઈમરજન્સી સેવાઓને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# પોલીસે ટેકનોલોજી સોર્સની મદદથી મોબાઈલ ચોરને મુદામાલ સાથે ઝડપી લીધો

કૈલેશ ભટ્ટ ઉના:

કોડીનારમાં e-FIR ઉપરથી નોંધાયેલ FIR નો અનડિટેકટ ગુન્હામાં ચોરી થયેલ મોબાઇલ પોલીસે ટેકનોલોજી તથા ટેકનિકલ સોર્સની મદદથી મોબાઇલ ચોર શખ્સને મુદામાલ સાથે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.ગીર સોમનાથ જીલ્લા અને ઉના વિભાગ એમ.એફ.ચૌધરી દ્વારા ચોરી, લુંટ, ઘરફોડ જેવા મિલ્કત વિરુધ્ધના ગુન્હા શોધી કાઢવા તેમજ આવા ગુન્હાઓ બનતા અટકાવવા તાત્કાલીક જરૂરી કાર્યવાહી કરવા કોડીનાર પીઆઇ આર.એ.ભોજાણીની સુચના તથા માર્ગદર્શન હેઠળ પી એસ આઈ



કે.એમ.ચાવડા, એ.એસ.આઇ એ.ડી.ઘાઘલ, ભગવાનભાઈ જીણાભાઇ, ભીખુશા બચુશા, સહીત ઉના પોલીસ સંયુકત ટીમ દ્વારા અધતન ટેકનોલોજી તથા ટેકનિકલ સોર્સથી મોબાઇલ ચોરી કરનાર શખ્સને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.કોડીનાર પોલીસમા વિવો કંપનીનો એન્ડોઈડ મોબાઇલ ચોરી થયેલ હોય જે ફરીયાદ આધારે પોલીસે ટેકનોલોજી તથા ટેકનિકલ સોર્સથી મદદથી શખ્સને ચોરી થયેલ મોબાઇલ મુદામાલ સાથે આરોપી નારણ ભગવાન ચુડાસમા રહે, કોડીનાર, વિરાટ નગર વિસ્તારમાં રહેતો શખ્સને પકડી તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અનડિટેકટ ગુન્હો ડિટેકટ કરી પોલીસે પ્રસંશનીય કામગીરી કરી હતી.

# માનવસાંકળ રચી વિદ્યાર્થીઓએ મતદાનનો સંદેશ આપ્યો

ગીર સોમનાથ:

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો થકી લોકોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યાં છે. ત્યારે ગીરગઢડાની અભિનવ વિદ્યા મંદિર હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ માનવસાંકળ દ્વારા મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો હતો.

દેશની ભાવિ પેઢી એવા વિદ્યાર્થીઓ દ્વારા માનવસાંકળમાં ઉત્સાહભેર જોડાઈને જિલ્લાના નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં પરિવાર સાથે ૧૦૦ % મતદાન






થાય તે માટે માનવસાંકળ રચવામાં આવી હતી.

ઉના વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ગીરગઢડા તાલુકાની અભિનવ વિદ્યા મંદિર હાઈસ્કૂલ ગીરગઢડાના વિદ્યાર્થીઓએ માનવસાંકળ રચી 'ઈ'નું શાબ્દિક વર્તુળ બનાવી મતદાન જાગૃતિનો સંદેશ આપ્યો હતો અને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.

# ઉનાના ગરાળ રોડ પર રાત્રીનાં એક સાથે ૭ સિંહનું નાઈટ પેટ્રોલીંગ

## સમગ્ર ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ

ઉના : ઉનાના ગરાળ રોડ પર મોડી રાત્રીના સમયે સિંહ પરીવારનું નાઈટ પેટ્રોલીંગ કરતા હોય તેમ રસ્તા પર લાઈનમાં એક સાથે સાત સિંહ પરીવાર પસાર થયા હતા. ત્યારે પાછળ એક વાહન ચાલકે સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કરેલ, જે વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ હતો.



ગીર જંગલના વન્ય પ્રાણીઓ ગીર બોર્ડરની નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં અવાર નવાર આવી ચડતા હોય છે. અને સીમ વાડી વિસ્તારમાં તેમજ ગામની મધ્યમાં ઘૂસી જઇ રેઢિયાર પશુઓનું મરણ કરી બાદમાં ચાલ્યા જતા હોય છે. ત્યારે ઉનાના ગરાળ રોડ ઉપર એક સાથે સાત સિંહ પરિવાર એક સાથે રાત્રિના આરામથી રસ્તા ઉપર જતા હોય જાણે કે નાઈટ પેટ્રોલિંગમાં હોય તેવી રીતે તમામ એક સાથે લાઈનમાં જોવા મળી રહ્યા છે.

આ દ્રશ્યો રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકે મોબાઈલ કેમેરામાં કેદ કરી હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયો હતો. જોકે આ વીડિયોમાં બે વ્યક્તિઓ વાતો કરી રહ્યાં છે, હાલની પકડીને બેસાડી લઈ એ, આગળ સિંહ પરીવારનું ટોળુ અને વાહન પાછળ પાછળ ચલાવતા હોવાનું સમગ્ર ઘટના વીડિયોમાં જોવા મળે છે. બાદમાં તમામ સિંહ પરીવાર રસ્તાની સાઈડમાં સીમ વાડી વિસ્તારમાં જતાં રહ્યાં હતાં.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજકોટ ખાતે તા.૧૩ જૂન સુધી પ્રવેશ પ્રક્રિયા યોજાશે

રાજકોટ:ઔદ્યોગિક તાલીમ સંસ્થા, નાગેશ્વર મંદિર પાસે અને શેઠનગર સામે, જામનગર રોડ રાજકોટ ખાતે તા. ૧૩-૬-૨૦૨૪ સુધી વિવિધ કોર્સ માટેની ભરતી પ્રક્રિયા યોજાશે.

આ ભરતી પ્રક્રિયામાં ધોરણ ૧૦ પાસ પર કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ, મિકેનિકલ ડીઝલ, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, ફિઝિયોથેરાપી ટેકનીશિયન, કોસ્મેટોલોજીમાં ૧ વર્ષના તાલીમના સમયગાળા સાથે અને વાયરમેન, ફિટરનો ૨ વર્ષનો તાલીમનો સમયગાળો ઉપરાંત ધોરણ ૮ પાસ પર ડ્રેસ મેકિંગ ૧ વર્ષના તાલીમના સમયગાળાના ટ્રેડ ફોર્મ ભરવાની તથા સ્વીકારવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. ઈચ્છુક તમામ ઉમેદવારોએ જાહેર રજા સિવાયના દિવસોમાં સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમિયાન સંસ્થા ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. આ ફોર્મ ઓનલાઈન rttps://itadmission.gujarat.gov.in વેબસાઈટ પર ભરવું અથવા આઇ. ટી. આઈ. ના હેલ્પલાઈન સેન્ટર રૂબરૂ મુલાકાત લેવી અને વધુ માહિતી માટે ૯૯૭૯૭૧૧૮૯૬ અથવા ૯૪૨૭૨૧૩૪૪૬ પર સંપર્ક કરવા ઔધોગિક તાલીમ સંસ્થા, રાજકોટના આચાર્યશ્રીની યાદીમાં જણાવાયુ છે.

# ટી. બી પેશન્ટને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવશે

સાવરકુંડલા:સાવરકુંડલા ખાતે કાર્યરત લાયન્સ કલબ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ટી. બી. પેશન્ટ ન્યુટ્રીશન કીટનું વિતરણ તારીખ ૧૮ એપ્રિલ ગુરૂવારે પટેલ વાડી વજલપરા ખાતે સવારે ૯ થી ૧૦ દરમિયાન વિતરણ કરવામાં આવશે જેમાં સાવરકુંડલાના ડો. મીના સાહેબ-તાલુકા હેલ્થ ઓફિસર, સંજયભાઈ મહેતા-તાલુકા સુપરવાઈઝર, હિતેશભાઇ નિમ્બાર્ક, વિજયભાઈ ઉપાધ્યાય અને દિનેશભાઈ ખુમાણ વગેરે ઉપસ્થિત રહેશે.લાયન્સ કલબ ઓફ સાવરકુંડલાના આ પ્રોજેક્ટના ચેરમેન તરીકે લાયન મેહુલભાઈ વ્યાસ, લાયન ચિરાગ વિરાણી તેમજ લાયન નિલેશ બાર સેવા બજાવી રહ્યા છે. તેમ લાયન્સ કલબ ઓફ સાવરકુંડલાના પ્રમુખ કમલ લાયન શેલારની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# સાધના સાપ્તાહિક દ્વારા પ્રકાશિત શ્રીરામગ્રંથ મહાનુભાવોને અર્પણ




સાવરકુંડલા:શ્રીરામમંદિર : સાંસ્કૃતિક રાષ્ટ્રીત્વનો સુવર્ણકાળ' ગ્રંથ વિશે રામાયણમાં સાત કાંડ છે તેમ આ ગ્રંથમાં પણ સાત કાંડ (અધ્યાય) છે. રામાયણ, વિચારદર્શન, વિશ્વરૂપમ, શ્રીરામમંદિર સંઘર્ષનો ઇતિહાસ, શ્રીરામમંદિર ન્યાયાલય, શ્રીરામમંદિર નિર્માણ અને દિવ્ય ઉત્સવ જેવા વિષયને આવરી લેતો આ ગ્રંથ ૩૦૦ કરતા વધારે પાનામાં પ્રકાશિત થયો છે. ૧૦૦ વર્ષ સુધી આ ગ્રંથના પાના જળવાઈ રહે તેવા કાગળનો અને સાત્વિક વેજિટેબલ ઓઈલમાંથી બનેલી સાહીનો આ ગ્રંથમાં ઉપયોગ થયો છે. આ ગ્રંથમાં લખાણ અને તસવીરને સરખુ સ્થાન અપાયું છે. ગ્રંથમાં રાજા રવિ વર્મા અને આર્ચર આર્ટ ગેલેરીના રામાયણ સંદર્ભના અતિ જૂના અને દુર્લભ ફોટોગ્રાફસનો ઉપયોગ થયો છે. ખૂબ ટૂંકા લખાણ સાથે શ્રીરામથી શ્રીરામમંદિર સુધીની દરેક વિગત આ અંકમાં તસવીર સાથે પ્રકાશિત થઈ છે. સંઘના કાર્યકર્તાઓ દ્વારા 'શ્રીરામમંદિર સાંસ્કૃતિક રાષ્ટ્રીત્વનો સુવર્ણકાળ' ગ્રંથને અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ નટવરલાલ સાવલિયા, શ્રી ભીખુભાઈ હરજીવન કાણકીયા ચા વાળા અને મા. નગરસંઘચાલકજી ડો. મૂળજીભાઈ શામજીભાઈ તરસરીયાને અર્પણ કરવામાં આવ્યો હતો.

# જાહેરનામાના ભંગ બદલ તલવાર સાથે નિકળતા શખ્સને પોલીસે ઝડપી પાડયો

ઉના:ઉનાના સનખડા વિસ્તારમાંથી એક શખ્સ જાહેરમાં પોતાના હાથના તલવાર જેવા હથિયાર લઈ પસાર થતા પોલીસે આ શખ્સને હથિયાર સાથે ઝડપી લીધો હતો. પોલીસે લોકસભા ચૂંટણી સબબ જાહેરનામાનો ભંગના ગુન્હા હેઠળ આગળની તપાસ કરી કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા સાહેબ તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ગીર-સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી

ઉના વિભાગ દ્વારા પ્રોહી-જુગાર અંગેની પ્રવૃતિ નેસ્ત-નાબુદ કરવા સખત સુચના કરેલ હોય જે અંગે ઉનાઁ એમ.એન.રાણાની સુચનાથી સનખડા



વિસ્તારના જૈં આર.પી.જાદવ તથા સનખડા પોલીસે ટીમો બનાવી હતી. ત્યારે સનખડા વિસ્તારમાંથી શખ્સને હથિયાર સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છેઉનાના સનખડા વિસ્તારમાં પી.એસ.આઇ.


આર.પી.જાદવ, શાંતીલાલ સોલંકી તથા કિશોરભાઇ જીવાભાઈ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ખત્રીવાડા ગામે મહાકાળી ચોકમાં આવતા એક શખ્સને જાહેર રસ્તા પર પોતાના હાથમા ખુલ્લી તલવાર લઈ આવતો હતો. જેથી આ શખ્સને રોકાવી પોતાના હાથમા રહેલી તલવાર બાબતે પુછતા આડા અવળા જવાબો આપતો હોય અને આ શખ્સ જાહેરમાં તલવાર હથીયાર સાથે ઝડપી પાડ્યો હતો.આ શખ્સની વધુ પૂછપરછ હાથ ધરતા પોતાનું નામ ઉકા અમરૂ સોલંકી રહે.ખત્રીવાડા આ શખ્સે ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં સ્ટીલ જેવા ધાતુની તલવાર હથિયાર રાખી મહે.જિલ્લા મેજી.સા ગીર સોમનાથની કચેરીના જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મળી આવતા પોલીસ જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

# ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તાર માટે ૦૬ વ્યક્તિઓએ ૧૦ ફોર્મ ઉપાડ્યા

(અતુલ કારિયા) અમરેલી:

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તાર માટે તા.૧૫ એપ્રિલ, ૨૦૨૪ને સોમવારના રોજ ૧૦ ફોર્મ ઉપડ્યા હતા. જેમાં કિસાન મજદુર પાર્ટીના ૧ વ્યક્તિએ બે, અપક્ષની ત્રણ વ્યક્તિએ પાંચ, લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીની એક વ્યક્તિએ ૦૨, વ્યવસ્થા પરિવર્તન પાર્ટીની ૦૧ વ્યક્તિએ ૦૧ એમ ૦૬ વ્યક્તિઓએ ૧૦ ફોર્મ ઉપાડ્યા હતા.

# ગૌ માતાનું દૂધ : સર્વશ્રેષ્ઠ દૂધ



દૂધ એ 'સંપૂર્ણ આહાર' તરીકે ઓળખાય છે. તેમાં વિટામિન 'સી' સિવાય તમામ વિટામિન રહેલા છે. સામાન્ય રીતે ભેંસ, ગાય અને બકરીના દૂધનો ઉપયોગ આહાર તરીકે થાય છે, જેમાં ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દૂધને ખોરાકમાં રાજા ગણવામાં આવે છે, કારણકે દૂધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દૂધથી આપણા શરીરને ભરપુર માત્રામાં કેલ્શીયમ મળે છે. દૂધમાં પ્રોટીનની માત્રા પણ સારા પ્રમાણમાં છે. સામાન્યરીતે તેમાં ૮૫% જેટલું પાણી હોય છે અને બાકીનાં ભાગમાં તમામ પોષક તત્વો હોય છે. દૂધમાં પ્રોટીન, કેલ્શીયમ તેમજ રીબોફલેવીન(વિટામીન બી) સૌથી વધારે પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત વીટામીન એ, ડી, કે અને ઈ તથા ફોસ્ફરસ, મેગ્નેશીયમ, આયોડીન તેમજ અન્ય ખનીજો અને ચરબી હોય છે. દૂધમાં રહેલું પ્રોટીન ઈન્ફેકશનથી પણ બચાવે છે. ઘણી એવી માન્યતાઓ છે કે દુધ કેલ્શિયમનાં કારણે સફેદ હોય છે, પરંતુ એવું નથી ગાયના દુધમાં દર લિટરે ૧.૨૭ ગ્રામ કેલ્શિયમ અને ૩૩ ગ્રામ કે તેથી વધુ પ્રોટીન હોય છે. પ્રોટીનની ઘણી જાત છે. પરતું દુધમાં કેસીન જાતનું પ્રોટીન હોય છે. આ જાતનું પ્રોટીન બીજા કોઈપણ ખાદ્યપદાર્થમાં હોતું નથી. કેસીનની હાજરીથી દુધનો રંગ સફેદ હોય છે. ગાયનાં દૂધ કરતાં ભેસનાં દુધમાં કેસીનનું પ્રમાણ વધુ હોવાથી ભેસનું દૂધ વધુ સફેદ હોય છે. આયુર્વેદના જુદા જુદા ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ દૂધમાં ગાયનાં દૂધને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ચરક સંહિતામાં જણાવ્યા મુજબ 'ગવ્યં દશગુણં પયઃ' એટલે કે ગાયનાં દૂધમાં દશ ગુણ છે. મહર્ષિ ચરક અન્નપાન વિધિ વિષેનાં અધ્યાય (સૂત્રસ્થાન-અધ્યાય ૨૭)માં દૂધને 'ક્ષીરં જીવયતિ' કહીને તે જીવનદાતા હોવાનું જણાવે છે. દુધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દુધમાં તમામ પોષક તત્વો હાજર હોય છે. આયુર્વેદ પ્રમાણે કહેવાય છે કે સવારે ખાલી પેટ દૂધ ન પીવું જોઈએ. સવારે દૂધ પીનારને ગેસની સમસ્યા થઈ શકે છે, પણ જેમની પાચનશક્તિ સારી છે તે સવારે નિયમિત રીતે દૂધ પી શકે છે. વ્યાયામ કરનારા લોકો માટે સવારે દૂધ પીવું નુકશાનદાયક નથી. નાસ્તો કર્યા બાદ મતલબ ચટપટુ કે નમક, મસાલાવાળી વસ્તુઓ સાથે કે તે ખાધા પછી દૂધ ન પીવું જોઈએ. તેનાથી નુકસાન થઈ શકે છે. સૂતી સમયે દૂધ પીવાની એક શરત છે કે સાંજનું ભોજન કર્યા બાદ ત્રણ કલાક થઈ જવા જોઈએ, જેથી અમાશય ખાલી થઈ ચૂકયું હોય. સૂતી વખતે દૂધ પીવાથી લાભ થાય છે, કારણ કે દૂધ પીધા બાદ સૂઈ જવાથી કોઈ પદાર્થ પેટમાં જતો નથી અને દૂધ સહેલાઈથી પચી જાય છે અને ગુણકારી રહે છે.

# ચૈત્ર માસમાં લીમડો તમારો વૈદ્ય બનીને આવે છે! વિસરાતી જતી પરંપરાઓ વચ્ચે આસપાસના આયુર્વેદને અપનાવો

ચૈત્ર સુદ એકમના દિવસે આપણે ત્યાં લીમડાનાં ફૂલ (મહોર)ની ચટણી ખાવાનો અથવા લીમડાનું પાણી પીવાનો રિવાજ છે. કઈ ઋતુમાં કયા વૃક્ષ ઉપયોગી છે તેનું સંશોધન કરી સામાન્યજન પણ તેના સેવનથી તનમનની સ્વસ્થતા કેળવી શકે એવી ભાવના સાથે વનસ્પતિઓ સાંકળી લઈ ઋષિમુનિઓએ આપણા પર બહુ મોટો ઉપકાર કર્યો છે. આમ તો ગૂડીપડવાથી કાળઝાળ ગરમીના દિવસો શરૂ થઈ જાય છે. ઘરોમાં, દુકાનોમાં, ઑફિસોમાં એરકન્ડિશનરો તેના મહત્તમ સૂચકાંકે ચાલુ પણ રહેતા જોવા મળે છે. હજુ પણ અમરેલી જિલ્લાના સોનારિયા થી ચલાલા રોડ સુધી જતાં રોડની બંને બાજુએ ઘેઘૂર લીમડા જોવા મળે છે. તો વાંકિયાના પાટિયા થી વાકિયા સુધી પણ લીમડા લૂમઝૂમ કરે છે. જો કે હવે આપણે બોન્સાઈ યુગમાં પ્રવેશી ગયા છીએ એટલે આપણને આવા મોટા વૃક્ષો વિશે ઓછી સમજ હોય એવું લાગે છે. એક તરફ ઉનાળાનું આગમન અને બીજી બાજુ ગ્લોબલ વોર્મિંગને કારણે વધતી જતી ગરમી એમ બેઉ બાજુથી આપણે ભીંસમાં આવી ગયા છીએ, ત્યારે મહાન ઋષિ તુલ્ય લીમડો આપણેને આ ગરમીથી બચાવી શકે તેમ છે. કારણકે લીમડો એ જીવતું જાગતું એરકન્ડિશનર જ છે પ્રકૃતિનો એક નિયમ છે કે જેની પાસે જે ન હોય એ વસ્તુ એને મળે તો એ ખૂબ જ ખુશ થઈ જાય છે. બળબળતા સૂર્યને પાણીની અંજલિથી ખૂબ જ સંતોષ થાય છે, આ જ રીતે અત્યંત ઠંડી પ્રકૃતિનો લીમડો ગ્રીષ્મઋતુમાં સૂર્યમાં પ્રખર કિરણોનો કોળિયો કરી જવા તલપાપડ બની જાય છે. જેમ કોઈ રસોઈ પકાવવા આપણે ચૂલા પર ગરમ કરીએ છીએ એ જ રીતે પોતાનાં ફળ પકાવવા લીમડો સૂર્યમાંથી ગરમી શોષે છે. આમ તો દરેક વૃક્ષ સૂર્યપ્રકાશ મેળવીને પોતાની રસોઈ કરતાં હોય છે, પરંતુ લીમડો, આંબો, કેસૂડો, બીલીવૃક્ષ, ગુલમહોર વગેરે વૃક્ષને કુદરતે ઉનાળામાં ફળ પકાવવાનો આદેશ આપ્યો હોય તેમ તેઓ ગરમીમાં જ વધુ ખીલી ઊઠે છે. જેટલી ગરમી વધુ એટલા એ વૃક્ષનાં ફળ વધુ ગુણકારી, જેમ કે લીંબોળી, કેરી વગેરે. એમાં પણ લીમડો વધુ ઠંડો હોઈ વધુ ગરમી મેળવવાનું કાર્ય કરે છે. પરિણામે લીમડા પર પડતી સૂર્યની ગરમી તુરત અને મોટા પ્રમાણમાં



શોષાઈ જાય છે. આથી તેનાં સાંનિધ્યમાં આવતાં માનવપશુ-પક્ષી ભરઉનાળે પણ ઠંડક અનુભવે છે.

મનુષ્યે શોધેલું એરકન્ડિશનર ફક્ત રૂમના એક મર્યાદિત ભાગમાંથી ગરમી દૂર કરી પાછલા માર્ગે બહાર કાઢે છે, એટલે કે રૂમની અંદર ઠંડક થાય, પરંતુ રૂમની બહારનુંવાતાવરણ વધુ ગરમ થાય છે. આમ,એરકન્ડિશનર ગરમીનું ફક્ત સ્થળાંતર કરે છે એમ કહી શકાય, જ્યારે લીમડો ગરમીનું પરિવર્તન કરે છે. ગરમ કિરણોનો ઉપયોગ કરી લીમડો પોતાનાં ફળ લીંબોળીને પકવે છે. વધારામાં આપણને ઠંડક આપે છે. આ જ રીતે આંબો ગરમી મેળવીને આપણાને સરસ મજાની કેરી ખાવા આપે છે. ઋતુઓના ફેરફાર થાય તો એ ફેરફારમાં માણસો પશુ- પંખીઓ ટકી રહે તે માટેનાં વૃક્ષો પણ કુદરતે આપણને આપ્યાં છે, પરંતુ આપણે લોકો વૃક્ષો વધુ વાવવાને બદલે સિમેંટ કોંક્રીટના રોડ રસ્તા ઈમારતોના જંગલ ખડા કરીએ છીએ. અને પાછા વિકાસ શબ્દથી પોરસાઈએ પણ છીએ.!! હવે તો અમેરિકા, યુરોપ સહિતના દેશોના વૈજ્ઞાનિકો લીમડો પોતાને ત્યાં ઉછેરવા લઈ ગયા છે અને લીમડો માત્ર ઠંડક જ નહિ, જંતુનાશક તરીકે અને વિવિધ રોગમાં દવા તરીકે પણ અત્યંત ઉપયોગી છે તેવું ત્યાંના વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે.

આશ્રયસ્થાન બનાવે છે. સંસ્કૃતમાં લીમડાને કાકફળ' એટલે જેનું ફળ. કાગડાને પ્રિય છે તેવું વૃક્ષ કહ્યું છે. લીમડો માત્ર વાતાવરણમાં ઠંડીનો વીંઝણો જ વીંઝતો નથી પરંતુ સેવનથી આપણા શરીરને પણ ઠંડક મળે છે. વળી, આપણા શાસ્ત્રોમાં તો એટલું બારીકાઈપૂર્વક નિરીક્ષણ થયું છે કે લીમડાનું કયું અંગ વધારે ગુણકારી છે તે પણ અંગે પણ ઉલ્લેખ છે જેમ કે લીમડાનાં પાકટ પાન કરતાં કૂણાં પાન અને કૂણાં પાન કરતાં તેનાં ફૂલ(મહોર) વધારે ઠંડક આપે છે. એટલે જ તો ચૈત્ર મહિનામાં લીમડાનાં કુણાં પાનનો રસ કે ફૂલ(મહોર)ની ચટણી ખાવાનું કહેવામાં આવ્યું છે. બારે માસ જોવા મળતાં લીમડાનાં પાકટ પાન કરતાં ઉનાળામાં મહોરતાં પુષ્પો અને કૂણાં પાન વધારે 'ગરમીભુખ્યાં' હોઈ શરીરમાં દાખલ થતાં જ સક્રિય બની જાય છે અને શરીરની ગરમી શોષી લઈ ગરમીથી થતાં દર્દો જેવાં કે પિત્ત અને ચામડીના રોગોથી મનુષ્યને રક્ષણ આપે છે. ઓરી, અછબડા જેવા રોગ વખતે બારી-બારણાં આગળ લીમડાની ડાળી લગાડવામાં આવે છે તેમ જ દર્દી પથારીમાં લીમડાનાં પાન પાથરવામાં આવે છે. શીતળતામાં ને પોતાના નામ પ્રમાણે જ શાતા આપતો લીમડો વધુ રૂચિકર છે. આજની વૈજ્ઞાનિક ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે જ્યાં લીમડો હોય ત્યાં શીતળામાં એટલે કે શીતળતા પ્રસન્ન થાય છે. ગરમીના દિવસોમાં લીમડાનો વધુમાં વધુ ઉપયોગ કરી કુદરતી રીતે જ ઠંડક મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેમ કે લીમડાનું દાતણ ખાસ કરવું જોઈએ. તેનાથી દાંત તો સાફ થાય છે સાથે મોઢાની ગરમી દૂર થાય છે.

# આજે સૌરાષ્ટ્ર રંગાશે પ્રભુ શ્રીરામના રંગે : ઠેર ઠેર શોભાયાત્રા

## રાજકોટ,રાજુલા, જામજોધપુર, તથા અમરેલી,માં રામનવમી પ્રસંગે શોભાયાત્રા સાથે પૂજન-અર્ચન, મહાપ્રસાદના આયોજનો : અયોધ્યામાં રામમંદિરની પ્રતિષ્ઠા બાદ લોકોમાં જોવા મળી રહી છે શ્રધ્ધા અને ભકિતની લહેર

રાજકોટ,

તા. ૧૬ શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન હરન ભવભય દારૂણં ? નવકંજ-લોચન, કંજમુખ, કરકંજ, પદ કંજારૂણં ભગવાન રામ વિષ્ણુનો સાતમો અવતાર છે. રામનવમી છે.

ભગવાન શ્રી રામચંદ્રનો જન્મોત્સવ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં અનેરા ઉમંગ સાથે ઉજવાશે. તા.૨૨મી જાન્યુઆરીના અયોધ્યામાં ૫૦૦ વર્ષ બાદ ભગવાન શ્રી રામનું ભવ્યાતિત મંદિરની પ્રતિષ્ઠા થઈ છે. આવતીકાલે બપોરના ૧૨ વાગે ભગવાન શ્રી રામનો જન્મોત્સવ ભવ્ય રીતે ઠેર ઠેર ઉજવાશે, ઠેર ઠેર શોભાયાત્રા, ભંડારો, પૂજન-અર્ચન રામકથાના આયોજન થયા છે.

રાજકોટ : રાજકોટમાં વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળા દ્વારા રામકથાનું આયોજન કરવામાં આવેલ છે તથા આવતીકાલે શોભાયાત્રા યોજાશે. રાજકોટમાં પોપટપરામાં આવેલ રામજી મંદિર ખાતે વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે. સદગુરૂ આશ્રમમાં કાલે બપોરે વિશેષ આરતી તથા સદગુરૂ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. ઈસ્કોન મંદિરમાં કાલે ૨૧૦૦ કિલો વિવિધ રંગી સુગંધીત ફુલોથી ભગવાન રામચંદ્રનો પુષ્પ અભિષેક, ભાવિકો માટે ભંડારા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

રાજુલા : રાજુલા શહેરમાં અયોધ્યામાં રામ મંદિર બન્યા બાદ આ પ્રથમ રામનવમીની ભવ્ય રીતે ઉજવણી કરાશે. રામ નવમીનો રામ ઉત્સવ ઉજવવા વિશ્વહિન્દુ પરિષદ બજરંગદળ અને ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ધાર્મિક સંગઠનો તેમજ વેપારી આગેવાનો સતત ૩૦ દિવસથી તડામાર તૈયારીઓ કરી રહ્યા છે રાજુલા શહેરમાં રામનવમીની જૂની કમિટી બદલતા આ નવી નવયુવાનો ની કમિટી દ્વારા આ વર્ષે વિવિધ સંસ્થાઓ ના કાર્યકરોની દરરોજ રાત્રે મીટીંગ યોજવામાં આવે છે નવા નવા આયોજનો પણ કરવા આવ્યા છે. વિવિધ ફ્લોટ યોગી આદિત્યનાથ નો કલાત્મક ભવ્ય મૂર્તિ નો ફ્લોટ જેસીબી માં બનાવવામાં આવશે.





જામજોધપુર : જામજોધપુર તાલુકાના ધુનડા ગામે આવેલ સતપુરાણ ધામ આશ્રમ મુકામે ૧૭ એપ્રિલ રામનવમીથી નરેન્દ્રભાઈ રાજયગુરૂના વ્યાસસ્થાને શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ થશે સુદાણી પરિવારના મંગલ મનોરથીથી આ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે જેમાં દરરોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી તેમજ ૩ થી ૬ વાગ્યા સુધી ભાવિકજનો ને કથાનું રસપાન કરાવાશે સાથે દરરોજ સંતવાણી મહાપ્રસાદ લોકડાયરાનું ભવ્ય આયોજન કરાયેલ છે.

અમરેલી : અમરેલી ખાતે ૧૭ એપ્રિલનાં રોજ વિહિપ, બજરંગદળ, માતૃશકિત, દુર્ગાવાહિની દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીનાં પ્રાગટય મહોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

બુધવારે સવારે ૯ કલાકે ભગવાન શ્રી રામચંદ્રજીની ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન નાગનાથ મંદિરથી થશે. શોભાયાત્રા ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર ચોક, કાશ્મીરા ચોક, થઈને રામજી મંદિર ખાતે પહોંચશે જયાં ૧૨ કલાકે મહાઆરતી યોજાશે. શોભાયાત્રા અને મહા આરતીમાં તમામ ભકતજનોને પધારવા વિહિપ દ્વારા અનુરોધકરવામાં આવેલ છે.

આ વર્ષની ૨૨ જાન્યુઆરીના પાવન દિવસે અયોધ્યાના નવનિર્મિત રામમંદિરમાં ભગવાન રામલલાની ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા થઈ અને તેની સાથે આ શોભાયાત્રાનો સંકલ્પ પૂર્ણ થયો હોય, જેનાથી લોકોમાં ભગવાન રામલલાની શોભાયાત્રાને લઈ વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો હોય, ત્યારે આ વર્ષની શોભાયાત્રામાં હિન્દુએકતાને અખંડીત રાખવાના હેતુ સાથે બહોળી સંખ્યામાં હિન્દુ સમાજ જોડાય અને ફરી વખત આ જ વર્ષે રામમય વાતાવરણ બને તે માટે સમગ્ર હિન્દુ સમાજ ને આવાહન કરવામાં આવ્યું છે.

# રાજકોટના રેલનગર અમૃત રેસીડેન્સીલના મકાનમાં ચોરીની કોશિષ

રાજકોટ,

રાજકોટ રેલનગર અમૃત રેસીડેન્સીલ-૩ બ્લો ક નં. ૨૯માં રહેતાં અને નિવૃત જીવન જીવતાં ઘનશ્યા મભાઇ ચતુરભાઇ કાલીયા (ઉ.વ.૬૦)ના ઘરમાં ચોરી થયાની જાણ થતાં પ્ર.નગરના પીએસઆઇ કે. એસ. ભગોરા સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી.


ઘનશ્યામભાઇના કહેવા મુજબ તેના પત્નિ તા. ૯ના રોજ ટ્રેનમાં બેસી માઉન્ટ આબુ ઓમ શાંતિની શીબીરમાં ગયા હતાં. પોતે ૧૦મીએ ઘરને લોક કરી વાંકાનેર ભાટીયા સોસાયટીના જુના મકાને ગયા હતાં. ગઇકાલે પરત આવ્યા૧ ત્યોરે ચોરી થયાની જાણ થઇ હતી. તસ્કારો ઘરમાંથી સોનાનુ મંગળસુત્ર અને ચાંદીની જાંજરી મળી રૂા. ૩૦ હજારની મત્તા ચોરી ગયા હતાં. પીઆઇ બી. એમ. ભાર્ગવની રાહબરીમાં તપાસ શરૂ થઇ હતી. દરમિયાન ઘનશ્યા મભાઇના પત્નિ બહારગામથી પરત આવતાં ખબર પડી હતી કે જે વસ્તુઇ ચોરી થયાનું જણાવાયું હતું તે ઘરમાંથી જ મળી ગઇ છે. તસ્કંરોએ તાળા તોડી ચોરીની કોશિષ કરી હતી પણ મોટી મત્તા હાથ લાગી નહોતી.

# આજે રામનવમી નિમિર્તે 'રામવન'માં ૧૨ વર્ષથી નાની ઉંમરનાં બાળકો અને સિનીયર સિટીઝનોને ફ્રી પ્રવેશ

રાજકોટ,

વોર્ડ નં.૧૫માં આજી ડેમ પાસે, કિશાન ગૌ શાળા રોડ પર મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનપ્રસંગોને આવરી લેતું સંપૂર્ણ કુદરતી વાતાવરણ ધરાવતું અર્બન ફોરેસ્ટ રામવન આજી ડેમ પાસે વિકસિત કરી, જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના બજેટ વર્ષ ૨૦૨૩-'૨૪માં કરેલ નિર્ણયને અનુસંધાને આગામી તા.૧૭-૪ના રોજ રામનવમી નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત અર્બન ફોરેસ્ટ (રામવન)માં ૧૨ વર્ષથી નાની ઉંમરના બાળકો અને સીનીયર સીટીઝન માટે નિઃશુલ્કની પ્રવેશ આપવામાં આવશે.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રી રામના જીવનચરિત્રના પ્રસંગોને આલેખતી વિશાળ પ્રતિમાઓ સહીત રામવનનું નિર્માણ કરવામાં આવેલ છે. વધુમાં વધુ બાળકો અને સિનીયર સીટીઝનો ભગવાનશ્રી રામના જીવનચરિત્રના પ્રસંગોમાંથી પ્રેરણા મેળવે તેમજ બાળકોને તેમના દાદા-દાદી તથા નાના-નાનીના ભગવાનશ્રી રામ પ્રત્યેના ભક્તિભાવથી અવગત કરવાના ઉમદા હેતુથી દર વર્ષે રામનવમીના દિવસે રામવનમાં ૧૨ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકો તેમજ સિનીયર સીટીઝનને નિઃશુલ્ક પ્રવેશ આપવાનું બજેટ વર્ષ ૨૦૨૩-'૨૪માં નિર્ણય કરવામાં આવેલ છે. નાગરિકો રામવનની મુલાકાત લઇને મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનચરિત્ર પોતાના જીવનમાં અમલમાં મુકે તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત અર્બન ફોરેસ્ટ (રામવન)ની તા.૧૭-૦૪-૨૦૨૪ના રોજ રામનવમીના પવિત્ર દિવસે મુલાકાતે આવતા ૧૨ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકો અને સિનીયર સીટીઝનો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

# રાજકોટમાં ૬૩ વેપારીઓ પાસેથી ૩.૩૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીંક જપ્ત : ૧૫ હજારનો દંડ

## ત્રણેય ઝોન વિસ્તારમાં ગંદકી અને પ્લાસ્ટીક ઉપયોગ કરતા મનપા તંત્રની કાર્યવાહી

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય્ માર્ગો પર સોલીડ વેસ્ટ્ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લટસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૧૫ના ત્રણેય ઝોનમાંથી કુલ?૬૩?આસામીઓ પાસેથી?૩.૩૫?કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.?૧૫૩૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ અંગે મનપાની સત્તાવાર યાદીમાં જણાવ્યાા મુજબ સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ



કરતા ૨૫ આસામીઓ પાસેથી ૧.૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટ્રીક? જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.?૫૫૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટં ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૧.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક? જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૬૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લુાસ્ટી કનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી ૬.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટ્રીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.?૪૧૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુયનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્?યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ ?સેનીટેશન ઓફિસર?હાજરીમાં સેનેટરી ઈન્પેરકટર/ સેનેટરી સબ ઈન્પેકટર દ્વારા કરવામાં આવી હતી

# રાજકોટના નેમીનાથ સોસાયટીમાં જેલના ક્લાર્કના બંધ મકાનમાંથી રૂપિયા ૪.૯૮ લાખની ચોરી

## પરિવારજનો ઉજ્જૈન દર્શને જતાં ચોર ત્રાટક્યો : સુરતમાં મુદ્દામાલ સાથે પકડાયો

રાજકોટ,

રાજકોટના ગાંધીગ્રામ નેમીનાથ સોસાયટીમાં મધ્યસ્થ જેલના સિનીયર ક્લાર્ક પરિવારજનો સાથે ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શને ગયા હોઈ રેઢા મકાનમાં ત્રાટકી ચોરી ૪.૯૮ લાખની રોકડ-દાગીનાની મત્તા ઉસેડી ગયા છે. ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સવારે એક ચોર ઘરમાંથી નીકળ્યાનું સીસીટીવી ફૂટેજમાં દેખાયુ હતું.

બીજી તરફ રાતે જ આ ચોર સુરતમાં મુદ્દામાલ સાથે પકડાયો હતો.આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે સત્યરનારાયણ પાર્ક ગેઇટ ન. ૩૩ સામે નેમીનાથ સોસાયટી એ-૪૧ 'મહંતમ્?' ખાતે રહેતાં અને રાજકોટ મધ્યસ્થ જેલમાં સિનીયર ક્લા ર્ક તરીકે ફરજ બજાવતાં ચંદ્રકાંતભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૫૬)ની ફરિયાદમાં જણાવ્યું હતું કે



પોતે બે પુત્ર અને પત્નિ સાથે રહે છે. તા. ૧૨/૪ના રોજ સાંજે પાંચેક વાગ્યેં પતિ-પત્નિક, બંને પુત્રો અને બંને પુત્રવધૂ એમ બધા પરિવારજનો ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શન કરવા માટે ઘરને તાળા મારીને ગયા હતાં.

ગઈકાલે ૧૫મીએ સાંજે સાડા ચારેક વાગ્યો બધા પરત રાજકોટઅ ાવ્યાવ હતાં. આ વખતે મુખ્યન દરવાજાનું તાળુ હેમખેમ હતું. તે ખોલીને અંદર જતાં બધો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. તપાસ કરતા જુદા જુદા કબાટમાં રાખેલા સોના ચાંદીના દાગીના અને ૫૦ હજાર રોકડા મળી કુલ રૂા. ૪,૯૮,૦૦૦ની માલમત્તા જોવા મળી ન હતી.

બનાવની જાણ ગાંધીગ્રામ પીઆઇ બી. ટી. અકબરીને થતાં પીએસઆઇ એસ. એલ. ગોહિલ અને ડી. સ્ટીફની ટીમે દોડી જઇ ડોગ સ્વોડ, ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદથી કાર્યવાહી કરી હતી અને ચંદ્રકાંતભાઇ પરમારની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો.

સીસીટીવી કેમેરા તપાસ કરતાં ચોર મકાનની પાછળના ભાગના દરવાજાનો નકુચો તોડી અંદર ઘુસી ચોરી કરી આગળના દરવાજાની વંડી ટપી વંડી નજીક રાખેલી કાર પર પગ દઈ નીચે ઉતરી ભાગી ગયાનું જણાયું હતું.બીજી તરફ સુરત પોલીસે એક તસ્કરરને દબોચી લીધો હતો. જેણે રાજકોટમાં ચોરી કરીને આવ્યાનું કબુલતાં સુરત પોલીસે રાજકોટ પોલીસને જાણ કરી હતી.

# રાજકોટના નાગેશ્વર મંદિર પાછળ શંખેશ્વર એપાર્ટમેન્ટમાં કોલેજીયન છાત્રનો આપઘાત

રાજકોટ,

રાજકોટના જામનગર રોડ પર નાગેશ્વર મંદિર પાછળ શંખેશ્વર એપાર્ટમેન્ટી એ-વીંગ બ્લોક નં. ૪૦૪માં રહેતાં હિરેનભાઇ જયેશભાઇ લશ્કગરી (ઉ.વ.૨૨) નામના યુવાને સાંજે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.બનાવની જાણ થતાં ગાંધીગ્રામના પીએસઆઇ એસ. એલ. ગોહિલ અને પ્રતિપાલસિંહે ઘટના સ્થોળે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર હિરેન બે ભાઈમાં મોટો હતો અને ધ્રોલ ખાતેની કોલેજમાં છેલ્લા વર્ષમાં અભ્યાવસ કરતો હતો. સગા નલીનભાઇ શાહે જણાવ્યુંહ હતું કે હિરેનના માતાએ મારી સાથે બીજા લગ્ન કર્યા છે. તેણી તથા હિરેન, તેનો ભાઇ મારી સાથે જ રહે છે. હિરેન જો કે તેના પિતા જયેશભાઇનું નામ જ લખાવતો હતો.

હિરેન ગઇકાલે બપોરે સાડા ત્રણેક વાગ્યે બહારથી ઘરે આવ્યા બાદ તેના મમ્મી બહાર ગયા હતાં. સાંજે તેણી પરત ઘરે આવ્યાબ ત્યાણરે દરવાજો બંધ હોઇ ખખડાવવા છતાં નહિ ખોલાતાં પાછળના ભાગે જઇ તપાસ કરતાં તે લટકતો જોવા મળ્યો? હતો. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે. યુવાન દિકરાના આ પગલાથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

# રાજકોટ મનપાની ફૂડ શાખાનો સપાટો : મસાલાના ૧૦ નમુના લેવાયા

## ચીલી સોસ, ચટણી, ડેરી પ્રોડકટ સહિત અખાદ્ય ૩૦ કિલો ચીજો ફેકી દીધી

રાજકોટ,

રાજકોટ મનપાની ફૂડ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જન આરોગ્ય સાથે ચેડા ન થાય તે માટે ખાદ્ય પદાર્થ ઉત્પા દકો તથા વૈચાણકર્તાઓને ત્યાા સતત ચકાસણી કરવામાં આવી રહી છે.

મનપાની સત્તાવાર યાદી મુજબ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન 'મિચીસ રેસ્ટો રેન્ટ્રી ફાસ્ટ ફૂડ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ, ઈન્દિરા સર્કલ પાસે, તપાસ કરતાં સ્થ્ળ પર ફ્રિઝમાં લાંબા સમય થી સંગ્રહ કરેલ નુડલ્સ , પાસ્તાફ, રાઇઝ, બાફેલા સલાડ વગેરે વાસી અખાદ્ય જણાતા કુલ ૦૯ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ સ્ટોરેજ અને હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.સર્વૅલન્સિ ચેકિંગ દરમિયાન બી.એન.એસ. ફૂડ હોસ્પિટાલિટી - સેફ ફેટસો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ, ખાતે તપાસ કરતાં સ્થળ પર ફ્રિઝમાં સંગ્રહ કરેલ એકસપાયરી ડેટ વીતેલ ચીઝ ડીપ, મંચુરિયન તથા ચીલી સોસ વાસી અખાદ્ય જણાતા કુલ મળીને ૦૭ કિ.ગ્રા. જથ્થો સ્થચળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સંજય ખમણ હાઉસ, નવલનગર-૨, મવડી મેઈન રોડ, રાજકોટની તપાસ કરતાં સ્થવળ પર સંગ્રહ કરેલ વાસી અખાદ્ય જણાયેલ લીલી ચટણીનો કુલ ૦૬ કિ.ગ્રા. જથ્થો સ્થપળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન 'બિન હરીફ ફાસ્ટ ફૂડ', સદગુરુ તીર્થધામ પાસે, રૈયા રોડ, ખાતે તપાસ કરતાં સ્થાળ પર સંગ્રહ કરેલ વાસી અખાદ્ય જણાયેલ પ્રિપેર્ડ ફૂડ તથા ડેરી પ્રોડક્ટફસનો કુલ મળીને ૦૪ કિ.ગ્રા. જથ્થો સ્થકળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિરશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.સર્વૅલન્સ ચેકિંગ દરમિયાન રાજમંત્ર કોલ્ડ્રિંક્સ, ડો. યાજ્ઞિક રોડ, રામ કૃષ્ણ આશ્રમ સામે, તપાસ કરતાં સ્થળ પર સંગ્રહ કરેલ પડતર ફ્રોઝન ફ્રૂટનો કુલ મળીને ૦૩ કિ.ગ્રા. જથ્થોો સ્થઆળ પર નાશ કરવામાં આવેલ તેમજ યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન નવરંગ ડેરી ફાર્મ, મેહુલનગર મેઈન રોડ, તપાસ કરતાં સ્થનળ પર સંગ્રહ કરેલ પડતર મીઠાઈનો કુલ ૦૧ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ ખાદ્યચીજોના પેકિંગ પર મેન્યૂફેક્ચર ડેટ તથા યુઝ



બાય ડેટ દર્શાવવા તેમજ યોગ્યથ સ્ટોગરેજ જાળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન 'પ્રયોશા રેસ્ટોરેન્ટ્, ફાલ્કન રોડ, પ્રશાંત કાસ્ટીંગ સામે, તથા 'બડીઝ પીઝા', ઈન્દિરા સર્કલ પાસે, તપાસ કરતાં સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## રાષ્ટ્રના વિકાસ માટે બ્રેઈન ડ્રેઈન અટકાવો

આ દેશની ધરતી આપણી માતૃભૂમિ છે અને માતૃભૂમિ પ્રત્યે આપણી ફરજ બજાવવી અત્યંત જરૂરી છે જે દેશની અંદર આપણો જન્મ થયો છે જે દેશની માટી થી આપણું શરીર ઘડાયું છે જે દેશનું અન્ન આપણે ખાધું છે તે દેશ માટે કંઈક કરવું અત્યંત જરૂરી છે આપણે જે સમાજમાં જીવીએ છીએ તે સમાજ પ્રત્યેની પણ આપણી ફરજ છે.

પરંતુ આજે દેશ છોડીને વિદેશમાં સ્થાયી થનારા લોકો આવું વિચારતા નથી જે લોકો દેશ છોડીને વિદેશમાં ધંધા રોજગાર માટે જાય છે ત્યાં સારામાં સારી કમાણી કરે છે અને સુખી પણ થાય છે છતાં તેને માતૃભૂમિ ની યાદ આવે છે દેશ છોડનારા લોકો ની પણ એક મજબૂરી છે કારણ કે દેશમાં રોજગારીની તકો ઓછી છે આજે જ્યારે ભણી ગણીને જે તૈયાર થઈ જાય છે ત્યારે વિચારે છે કે જો હું અમેરિકા કે અન્ય કોઈ દેશમાં જાઉં તો મને ખૂબ જ સારી સુવિધાઓ મળે સારા નિવાસસ્થાન મળે અને જીવન સુખમય બની જાય આથી તેઓ દેશ છોડે છે ઘણા લોકો મજબૂરીને કારણે દેશ છોડે છે દેશને છોડવો એ સારી વસ્તુ નથી આમ છતાં આ એક કડવી હકીકત હોવાથી તેનો સર્વે સ્વીકાર કરવો અત્યંત જરૂરી છે

કેન્દ્ર સરકારે સંસદમાં એક સવાલના જવાબમાં ચિંતા જગાવે તેવી માહિતી આપી છે કે, છેલ્લાં ત્રણ વર્ષથી રોજ લગભગ ૪,૯૩૯. જણા ભારતીય નાગરિકત્વ છોડતા રહ્યા છે. આમાં ગયા વર્ષે સૌથી વધુ સવા બે લાખથી વધુ લોકોએ ભારતની નાગરિક્તા છોડી દીધી હતી. પોતાના દેશને જોડતા નાગરિક્તાના સંબંધ કાપનારા આ ભારતીયોએ ૧૪૫ દેશના નાગરિક બનવાનું પસંદ કર્યું છે. આમાં પાકિસ્તાન અને સાઉદી અરેબિયા સહિતના દેશોનો સમાવેશ થાય છે.

ભારતીયોમાં વધી રહેલાં ચલણ મુજબ મોટાભાગે રોજગાર માટે લોકો, તેમાં પણ ખાસ કરીને યુવાનો વિદેશની વાટ પકડતા હોય છે. દેશમાં દર વર્ષે લાખો યુવાનો ઈજનેરી, આરોગ્ય અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવે છે, પણ તેમનાં શિક્ષણને અનુરૂપ રોજગારીની તકો માત્ર ૬૦ ટકા જેટલાને મળતી હોય છે. બાકીના ૪૦ ટકાને અન્ય દેશોમાં જઈને નોકરીમાં લાગવા સિવાયનો વિકલ્પ હોતો નથી.

વળી, દુનિયામાં ઘણા વિકસિત દેશોમાં કામને અનુરૂપ વેતનનું પ્રમાણ ઘણું સારું હોય છે. આનાથી ભારતીય યુવાનો તે દેશો તરફ આકર્ષાતા રહે છે. સ્વદેશમાં રોજગારીની તક મળે તો પણ પગાર, ભથ્થાં અને અન્ય સુવિધા અન્ય દેશોની સરખામણીએ ભારે ઓછાં હોવાને લીધે યુવાનો હવે તક મળે એટલે દેશની નાગરિક્તા છોડીને વિદેશના નાગરિક બનવામાં પાછીપાની કરતા નથી.

આપણા દેશમાં એવા પણ લોકો છે જેને સારામાં સારો બિઝનેસ છે સારામાં સારો ઉદ્યોગ છે તે પણ અહીંથી બિસ્તરાપોટલા લઈને વિદેશમાં જઈને બિઝનેસ કરે તો તે વસ્તુ યોગ્ય નથી આ દેશ માટે તેને કંઈક કરવું જોઈએ રાષ્ટ્ પ્રત્યે ભાવના સર્વોપરી હોવી જરૂરી છે

જે લોકો ભારતમાં ધંધો કે ઉદ્યોગ ધરાવે છે, તેઓ પણ સ્વદેશમાં બધું સમેટી લઈને સંપન્ન દેશોના નાગરિક બનતા થયા છે. ભારે વિશાળ વસ્તી ધરાવતા ભારતમાં નાગરિક સુવિધાઓની સતત ઊણપ રહેતી આવી છે. આવામાં વિકસિત અને આધુનિક દેશોમાં જીવનધોરણ વધુ સરળ અને વેપાર-ઉદ્યોગ વધુ નફાકારક બની રહ્યો હોવાની વાસ્તવિકતા આ સંપન્ન પરિવારોને પોતાનાં વતનને છોડીને અન્ય દેશોના નાગરિક બનવા આકર્ષવા લાગી છે.

# ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે ટોચના દસ અબજપતિઓની સંપત્તિમાં ૨૮ અબજ ડોલરનું ધોવાણ

### સૌથી ધનિક લોકોમાંથી માત્ર બેની જ સંપત્તિમાં વધારો : ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ ઈં ૨.૯૧ બિલિયન વધી




કરંટ ટોપિક

ઈરાન

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે સોમવારે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. તેના કારણે વિશ્વના ટોચના ૧૦ અમીરોની નેટવર્થમાં લગભગ ૨૮ અબજ ડોલર એટલે કે રૂ. ૨૩,૩૯,૯૭,૮૨,૦૦,૦૦૦નો ઘટાડો થયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર સોમવારે વિશ્વના ટોચના ૧૫ સૌથી ધનિક લોકોમાંથી માત્ર બેની જ સંપત્તિમાં વધારો થયો છે. આ યાદીમાં પ્રથમ નંબરે રહેલા ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ ઇં૨.૯૧ બિલિયન વધીને ઇં૨૧૮ બિલિયન પર પહોંચી ગઈ છે. વિશ્વના ૧૫મા સૌથી ધનિક વ્યક્તિ સ્પેનના અમાનસિઓ ઓર્ટેગાની કુલ સંપત્તિમાં ઇં૧.૦૮ બિલિયનનો ઉછાળો આવ્યો છે. સૌથી વધુ નુક્સાન એલોન મસ્કને થયું હતું. સોમવારે તેમની કુલ સંપત્તિમાં ઇં૬.૮૪ બિલિયનનો ઘટાડો થયો હતો.

અમીરોની યાદીમાં બીજા સ્થાને રહેલા એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની નેટવર્થમાં ઇં૩.૧૧ બિલિયનનો ઘટાડો થયો છે અને હવે તે ઇં૨૦૫ બિલિયન છે. મસ્ક ૧૭૮ બિલિયન ડોલરની નેટવર્થ સાથે આ યાદીમાં ત્રીજા સ્થાને છે. ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સના સીઈઓ માર્ક ઝકરબર્ગની નેટવર્થ ઇં૪.૦૮ બિલિયન ઘટીને ઇં૧૭૮ બિલિયન થઈ ગઈ છે. સોમવારે બિલ ગેટ્સની નેટવર્થમાં ઇં૧.૬૫ બિલિયનનો ઘટાડો થયો હતો. તે ૧૫૦ અબજ ડોલરની સંપત્તિ સાથે અમીરોની યાદીમાં પાંચમા સ્થાને છે. સ્ટીવ બાલ્મરની નેટવર્થમાં ઇં૨.૬૯ બિલિયન, લેરી પેજની ઇં૨.૪૩ બિલિયન, વોરેન બફેની ઇં૧૩૨ બિલિયન અને સેર્ગેઈ બ્રિનની નેટવર્થમાં ઇં૨.૩૦ બિલિયનનો ઘટાડો થયો છે.

ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની નેટવર્થમાં સોમવારે ૮૦૬ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે. તે ૧૧૨ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૧મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ઇં૧૫.૬ બિલિયન વધી છે. સોમવારે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં ઇં૨.૩૬ બિલિયનનો ઘટાડો થયો હતો. તેઓ ૯૯.૫ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૪મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ઇં૧૫.૨ બિલિયન વધી છે.

# મિલ્કી વેનું નિર્માણ કરનારા બે પ્રાચીન કણ મળ્યા

### જર્મનીના વૈજ્ઞાનિકોએ આપ્યા Shiv-Shakti નામ

વિશેષ

આપણી આકાશગંગામાં લાખો-કરોડો તારા આવેલા છે અને એનો અભ્યાસ ગાઈયા સ્પેસ ટેલિસ્કોપની મદદથી જર્મનીના સૌથી મોટી સાઈન્ટિફિક સંસ્થા મેક્સ પ્લેન્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્ટ્રોનોમી કરી રહ્યો છે. આ સાઈન્ટિફિક સંસ્થાએ આકાશગંગાના નિર્માણ કરનારા બે પ્રાચીન કણની શોધ કરી લીધી છે અને એને નામ આપ્યું છે શિવ અને શક્તિ.

બ્લ્યુ રંગના ડોટ્સ શિવ છે અને પીળા રંગના ડોટ્સ એ શક્તિ છે. આ બંને કણે મળીને જ આપણી આકાશગંગા એટલે કે મિલ્કી વે બનાવી છે. આ ડોટ્સ હકીકતમાં તો તારાની બે પ્રાચીન લહેરો છે અને એને મળીને આકાશગંગાનું નિર્માણ બિગ બેંગથી ૨૦૦ કરોડ વર્ષ બાદ આશરે ૧૨૦૦ કરોડ વર્ષ પહેલાં કર્યું હતું

શિવ અને શક્તિ બ્લ્યુ અને પીળા રંગના ડોટ્સવાળા તારાની લહેર એટલી જૂની છે કે એને બાદ જ આપણી આકાશગંગાના બે વળાંકવાળા એટલે કે સ્પાઈરલવાળા ભાગ બન્યા હતા. આ જ કારણે જર્મનીના વૈજ્ઞાનિકોએ આ તારાની લહેરોના નામ બ્રહ્માંડ રચના કરનારા શિવ અને દેવી શક્તિનું નામ આપ્યું છે. આ બંનેએ મળીને જ મિલ્કી વેનો પાયો રાખ્યો હતો જેમાં આપણે બધા રહીએ છીએ.

મેક્સ પ્લેન્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોનોમીનાં વૈજ્ઞાનિક ખ્યાતિ મલ્હાને જણાવ્યું હતું કે અમને ખુશી છે કે અમે આટલા પ્રાચીન કણોને. સ્ટાર્સના બેલ્ટને શોધી શક્યા. આ સ્ટારના પેદા થયા બાદથી જ સતત આપણી આકાશગંગામાં ફેરફાર થઈ રહ્યા છે. અમે આ સમૂહ ક્યારેય ના શોધી શક્યા હોત, જો આ ગાઈયા સ્પેસ ટેલિસ્કોપે અમારી મદદ ના કરી હોત. ગાઈયા પાસેથી મળેલા ડેટા અનુસાર ખ્યાતિ અને એના ટીમે આ તારાઓના સમુહના ઓર્બિટની શોધ કરી હતી અને એના નિર્માણ તત્વોની શોધ કરી હતી. તેમની ગતિ અને વ્યવહારને સમજવાનો પ્રયાસ કર્યો. બ્લ્યુ રંગ શિવ અને પીળો રંગ શક્તિના નિર્માણ ખાસ પ્રકારના રાસાયણિક મિશ્રણથી થયું છે એટલે તેનું નામ શિવ શક્તિ રાખવામાં આવ્યું છે.

# સમુદ્ર કિનારે જોવા મળ્યું ''દૈત્ય'' જેવું વિશાળ પ્રાણી

ઊંડો સમુદ્ર હંમેશા રહસ્ય અને પૌરાણિક કથાઓનો સ્ત્રોત રહ્યો છે. અવારનવાર એવા જીવો જોવા મળે છે કે જેના વિશે માનવીએ પહેલા ક્યારેય જાણ્યું નથી. ક્યારેક તેઓ ભયાનક હોય છે તો ક્યારેક તેઓ એવી દુનિયા તરફ ઈશારો કરે છે જેનાથી વૈજ્ઞાનિકો પણ અજાણ હોય છે. મલેશિયાના એક બીચ પર કંઈક આવું જ જોવા મળ્યું. અહીંના લુન્ડુના તેલુક મિલો બીચ પર એક વિચિત્ર 'રાક્ષસી પ્રાણી'નું મૃત શરીર કિનારા પર આવી ગયું છે. આ કંઈક અંશે સડી ગયેલું અને ફૂલેલું શરીર સૌપ્રથમ વખત બીચ પર સર્વે કરી રહેલા અધિકારીઓને જોવા મળ્યું હતું. સ્થાનિક ડિઝાસ્ટર એજન્સી સારાવાક સિવિલ ડિફેન્સ ફોર્સએ ફેસબુક પોસ્ટની મદદથી આ માહિતી આપી હતી. સ્થાનિક અખબાર ન્યૂ સારાવાક ટ્રિબ્યુનના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં દરિયાકિનારા પર દરિયાઈ સસ્તન પ્રાણીઓ મળવા દુર્લભ છે, તેથી લોકો 'દૈત્ય'ની ઝલક મેળવવા માટે આ વિસ્તારમાં ઉમટી પડ્યા હતા. જો કે, નિષ્ણાતો કહે છે કે આ સંભવતઃ વ્હેલના અવશેષો હોઈ શકે છે. આ કહેવાતા ગ્લોબસ્ટર અન્ય રહસ્યમય જીવોની યાદ અપાવે છે જે વિશ્વભરના દરિયાકિનારા પર મળી આવ્યા છે. તેમની વચ્ચે એક સફેદ, મરમેઈડ જેવું પ્રાણી હતું જે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પાપુઆ ન્યુ ગિનીમાં દેખાયું હતું. લાઈવ સાયન્સ કહે છે કે શબ એટલી ખરાબ રીતે વિઘટિત થઈ ગયું હતું કે વૈજ્ઞાનિકો તેને ઓળખી શક્યા નહોતા, જો કે તે અમુક પ્રકારના દરિયાઈ સસ્તન પ્રાણી હોવાનું જણાય છે.

# AI ટૂંક સમયમાં માણસોની જેમ કામ કરશે

કરંટ ટોપિક

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સએ કામ કરવાની રીતમાં ધરમૂળથી ફેરફાર કર્યો છે. કમ્પ્યુટરે કલાકોના કામને મિનિટમાં રૂપાંતરિત કર્યું હતું અને AI એ તેને થોડીક સેકન્ડના કામમાં રૂપાંતરિત કર્યું છે. હવે છૈં માં મોટો ફેરફાર આવવાનો છે. ટૂંક સમયમાં AI માણસોની જેમ જ કામ કરવાનું શરૂ કરશે. આગામી તબક્કામાં, છૈં વાત કરશે, કારણ આપશે, માણસોની જેમ યોજના કરશે અને તેની પાસે મેમરી પણ હશે. ઓપન એઆઈ અને મેટા પ્લેટફોર્મ્સે આ દિશામાં ઘણી પ્રગતિ કરી છે. ટૂંક સમયમાં આ કંપનીઓ AIના વર્ઝન ૨.૦ની જાહેરાત કરી શકે છે. ઓપન AI અને મેટા પ્લેટફોર્મ ટૂંક સમયમાં બજારમાં તેમના સંબંધિત AI મોડલ્સના અપગ્રેડેડ વર્ઝન લોન્ચ કરી શકે છે. નવા AI મોડલ સૌથી મોટી સમસ્યાઓને પણ હલ કરવામાં સક્ષમ હશે. તદુપરાંત, મુશ્કેલ કાર્યો પણ તેમની સાથે સરળતાથી કરી શકાય છે. ઓપન AI ચીફ ઓપરેટિંગ ઓફિસર બ્રાડ લાઇટકેપે ફાઇનાન્શિયલ ટાઇમ્સને એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ચેટ જીપીટીનું આગામી સંસ્કરણ તર્ક માટે સક્ષમ હશે. તે તેની તર્ક ક્ષમતાના આધારે મુશ્કેલ સમસ્યાઓ હલ કરવામાં સક્ષમ હશે.

રિપોર્ટ અનુસાર, નવા છૈં મોડલ્સ તર્કની સાથે પ્લાનિંગ પણ કરી શકશે. તેમનામાં વિચારવાની અને સમજવાની ક્ષમતા હશે. તે ઘણા પરિમાણોમાં વિચાર કરીને સમસ્યાઓના જવાબો શોધવાનો પ્રયાસ કરશે. વર્ઝન ૨.૦ માત્ર શબ્દો વાંચીને કામ નહીં કરે. તે આના કરતાં ઘણું બધું કરી શકશે. આ આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ (AGI) હાંસલ કરવાની દિશામાં એક મોટું પગલું ભરશે. મેટા એઆઈ રિસર્ચના વાઈસ પ્રેસિડેન્ટ જોએલ પીન્યુ કહે છે કે તેમની કંપની એઆઈને વાત કરવા, તર્ક આપવા, આયોજન કરવા અને મેમરી વિકસાવવા સક્ષમ બનાવવા પર કામ કરી રહી છે.

જો ઓપન એઆઈ અને મેટા જેવી કંપનીઓ આવા મોડલ વિકસાવે છે, તો ૨૦૩૦ સુધીમાં એઆઈ ઉદ્યોગ એક ટ્રિલિયન ડોલરનો આંકડો પાર કરી જશે. મેટા પહેલેથી જ આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સને આવકના સ્ત્રોત તરીકે ધ્યાનમાં લઈને કામ કરી રહી છે. એલોન મસ્કે તાજેતરમાં કહ્યું હતું કે છૈં આવનારા ૨ વર્ષમાં માણસોને પાછળ છોડી દેશે. તે માત્ર વિચારી શકશે નહીં પણ સ્વતંત્ર રીતે કામ પણ કરી શકશે.

# ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી



આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે.

અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો 'ડિજિટલ સ્ટ્રાઇક' અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.'ડિજિટલ સ્ટ્રાઇક' કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/ કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

ભારત અને ચીન વચ્ચેના વેપારી સંબંધો તપાસીએ. ચીનની ભારત ખાતેની નિકાસો ૨૦૧૮માં ૭૭ અબજ ડોલરની હતી. એની સામે ભારતની ચીન ખાતેની નિકાસો ૧૯ અબજ ડોલરની હતી. ભારત અને ચીન વચ્ચેના વેપારનું આ એક લાક્ષણિક ચિત્ર છે. આ આંકડાઓમાંથી એવી છાપ ઊભી થાય કે ચીન માટે આપણે મોટું બજાર છીએ, જ્યારે ચીન આપણા માટે મોટું બજાર નથી. તે છાપ સાચી નથી. ચીનની કુલ નિકાસોમાં ભારતનો હિસ્સો ત્રણ ટકા જેટલો છે. એની સામે ભારતની કુલ નિકાસોમાં ચીનનો હિસ્સો લગભગ છ ટકા છે. આમ નિકાસના દૃષ્ટિબિંદુથી ચીન માટે આપણે એટલા મહત્ત્વના નથી, જેટલું ચીન આપણા માટે મહત્ત્વનું છે.

ભારતમાં આવતી વિદેશી મૂડીનો એક ્રોત ચીન પણ છે. ૨૦૧૫થી ૨૦૧૯નાં વર્ષોમાં ચીનની કંપનીઓએ ભારતમાં લગભગ બે અબજ ડોલરનાં કર્યા હતા પરંતુ લડાખની ઘટના બની તે પૂર્વે જ ચીનમાંથી આવતા રોકાણો પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા ચીનની કંપનીઓ ભારતની કંપનીઓ કબજે કરે તેવી દેશથી ચીનમાંથી આવતા રોકાણો નિયંત્રિત કરી દેવામાં આવ્યા હતા એ પછી સરકારની નીતિની અનિશ્ચિતતા ના કારણે ચીનમાંથી આવતા રોકાણો અટકી ગયા છે ચીનમાંથી થતી જાય તો નો બહિષ્કાર કરવાની માંગ ઉઠી ત્યારે સ્પષ્ટ થયું કે ચીનમાંથી કેવળ વપરાશની ચીજો જ આયા થતી નથી પણ ઔદ્યોગિક ચિત્રો ચીજો પેદા કરવા માટે ની ચીજોની પણ મોટા પ્રમાણમાં આયા તો થાય છે દેશનો દવા ઉદ્યોગ ઘટક દ્રવ્યોની ૭૦% આયા તો ચીનમાંથી કરે છે એ દ્રવ્યોની આયાતો ચીનમાંથી ન કરવામાં આવે તો ચીન જેટલા સસ્તા વૈકલ્પિક સ્તોત્રો આપણી પાસે નથી આવું જ ઓટો ઉદ્યોગની બાબતમાં આપણું ચીન પર અવલંબન છે.

# અનોખો પરિવાર, એક જ ઘરમાં ૩૫૦ મતદારો

## રોન બહાદુરના એકંદરે, ૧૨૦૦ સભ્યોના આ પરિવારમાં ૧૫૦થી વધુ પૌત્ર-પૌત્રો પણ છે

નવિદીલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પ્રથમ તબક્કાના મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી છે. આ દરમિયાન ઘણી એવી બાબતો સામે આવી રહી છે જે તમને આશ્ચર્યચકિત કરી દેશે. આસામમાં એક અનોખો પરિવાર મળી આવ્યો છે. આ પરિવાર ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે આ પરિવારમાં ૩૫૦ જેટલા મતદારો છે. રોન બહાદુર થાપાને ૧૨ દીકરા અને ૯ દીકરીઓ છે. તેને પાંચ પત્નીઓ હતી. રોન બહાદુરના ૧૫૦ થી વધુ પૌત્ર-પૌત્રો પણ છે. એકંદરે, ૧૨૦૦ સભ્યોના આ પરિવારમાં, લગભગ ૩૫૦ સભ્યો લોકસભાની ચૂંટણીમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

હકીકતમાં, આસામના સોનિતપુર જિલ્લાના ફુલોગુરી નેપાળી પામના સ્વર્ગસ્થ રોન બહાદુર થાપાનો પરિવાર સમગ્ર દેશમાં એક અનોખો પરિવાર છે. આ એટલા માટે છે કારણ કે આ સમગ્ર પરિવાર તેના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સૌથી મોટા પરિવારોમાંનો એક છે.

નેપાળી પામ ગામના ગ્રામ્ય વડા અને સ્વર્ગસ્થ રોન બહાદુરના પુત્ર તિલ બહાદુર થાપાએજણાવ્યું કે તેમના સમગ્ર પરિવારમાં લગભગ ૩૫૦ લોકો મતદાન કરવા પાત્ર છે. તેણે કહ્યું, “મારા પિતા ૧૯૬૪ માં મારા દાદા સાથે અહી આવ્યા હતા અને અહી સ્થાયી થયા હતા. મારા પિતાને પાંચ પત્નીઓ હતી અને અમને ૧૨ ભાઈઓ અને ૯ બહેનો છે. તેમના પુત્રોમાંથી તેમને ૫૬ પૌત્રો હતા. મને ખબર નથી કે દીકરીઓમાંથી કેટલા પૌત્ર અને પૌત્રીઓ છે. લોકસભા ચૂંટણીમાં નેપાળી પામમાં થાપા પરિવારના લગભગ ૩૫૦ સભ્યો મતદાન કરવા પાત્ર છે, જો આપણે તમામ બાળકોની ગણતરી કરીએ તો અમારા પરિવારના કુલ સભ્યો ૧,૨૦૦ થી વધુ થશે.

# ઉંદરોએ ન્યૂયોર્કવાસીઓનું જીવવું હરામ કરી દીધું : નમકીન દવા ખવડાવી નસબંધી કરાશે

વોશિગ્ટન,

અમેરિકાનું સૌથી મોટું શહેર- ન્યૂયોર્ક- ઉંદરોથી પરેશાન છે. એક અનુમાન અનુસાર ન્યૂયોર્કમાં ઉંદરની સંખ્યા ૩૦ લાખને પાર કરી ગઈ છે. ઉંદરોની વસ્તીને રોકવા માટે તમામ ઉપાય નિષ્ફળ સાબિત થયા છે. ઝેરથી માંડીને જાળ અને કોરા બરફને પણ અજમાવી લીધો છે, પરંતુ ઉંદર ઓછા થતા નથી. ઝેરના ઉપયોગથી બીજા જાનવરોને ખતરો પેદા થયો છે. પ્રાણી સંગ્રહાલયમાંથી ભાગેલું એક ઘૂવડ મૃત અવસ્થામાં મળી આવ્યું હતું. ફ્લેકો નામના આ ઘૂવડની અંદરથી રેટ પોઈઝન મળ્યું હતું. ત્યારબાદ ન્યૂયોર્કમાં ઉંદરને ઝેર આપીને મારવાના બદલે કોઈ બીજી રીત શોધવામાં આવી રહી છે. એક પ્રસ્તાવ ઉંદરોની નસબંધ કરાવવામાં આવી છે. ઝેરી કેમિકલની માફક કોન્ટ્રાસેપ્ટિવ એટલે કે બર્થ કંટ્રોલનો ઉપયોગ કરવામાં આવશે. સેનિટેશન એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટવાળી કમિટીના ચેરમેન, શોટ અબ્રૂએ કહ્યું કે કોન્ટ્રાસેપ્ટિવ બાકી રીત કરતાં સારી છે.

ઉંદરો ઝડપથી પ્રજનન કરે છે. જો એક ઉંદર અને ઉંદરડી મળી જાય તો એક વર્ષમાં ૧૫,૦૦૦ ઉંદરને જન્મ આપી શકે છે. ન્યૂયોર્કમાં ઉંદરની સંખ્યા ૩૦ લાખથી આસપાસ બતાવવામાં આવે છે.

ન્યુ યોર્ક સિટીના એક્સટર્મિનેટર્સ હાલમાં ઉંદરોને ’સ્નેપ એન્ડ ગ્લુ’ જાળમાં ફસાવીને મારી નાખે છે. આવા ઝેરનો ઉપયોગ કરવામાં આવે છે કે ઉંદરો આંતરિક રક્તસ્રાવને કારણે મૃત્યુ પામે છે.

# કન્નડ અભિનેત્રી ફિલ્મી દુનિયાની ઝાકમઝોળ મૂકીને આઈએએસ બની

## અભિનેત્રી બનવાથી લઈને આઈએએસ ઓફિસર બનવા સુધીની સફર સરળ ન હતી

નવિદીલ્હી

ઘણા સેલિબ્રિટી છે જેમણે બેંકની નોકરી, ડોક્ટરી કે પછી સારી સારી તકો છોડી ફિલ્મની દુનિયામાં પ્રવેશ કર્યો હોય. તેમાંથી ઘણા સફળ થયા અને ઘણાને નિરાશા પણ સાંપડી. ફિલ્મ સાથે જોડાયેલા લગભગ બધા કલાકારો આજકાલ બીજા કોઈ ધંધા સાથે પણ જોડાયા છે, તેવામાં એક એવી અભિનેત્રીની વાત બહાર આવી છે જેણે ફિલ્મી દુનિયાની ઝાકમઝોળ મૂકીને સિવિલ સર્વિસનું ક્ષેત્ર પસંદ કર્યું છે અને આઈએએસ બની ગઈ છે. વાત કન્નડ અભિનેત્રી એચએસ કીર્થાના છે. કીર્થનાએ ઘણી સિરિયલો અને ફિલ્મોમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું છે. કીર્થાના ગંગા- યમુના, ઉપેન્દ્ર, સર્કલ ઈન્સ્પેક્ટર, લેડી કમિશનર, ‘જનની, કનુર હેગદાતી, ઓ મલ્લિગે, હબ્બા, દોર, સિમહાદ્રી અને પુતાની એજન્ટ સહિત અનેક ટીવી સિરિયલોમાં બાળ કલાકાર તરીકે દેખાઈ છે.

# આકાશમાં થવા જઈ રહી છે એક દુર્લભ ઘટના

## એક નાનકડો-વામન તારો ફાટશે

નવિદીલ્હી

આકાશમાં ઘટતી ઘણી ખગોળીય ઘટનાઓ આપણને રોમાંચ આપે છે. આવી જ એક ઘટના બનવા જઈ રહી છે જેમાં એક નાનકડો-વામન તારો ફાટશે તેમ કહેવામાં આવી રહ્યું છે.

વામન તારોકોરોના બોરેલિસ અથવા ઝઈમ્ છે, જે પૃથ્વીથી લગભગ ત્રણ હજાર પ્રકાશ વર્ષ દૂર છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ સફેદ વામન તારો વિસ્ફોટ થવાનો છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું કહેવું છે કે આ એક એવી ઘટના છે જે દાયકાઓમાં એક વખત બને છે. સૌથી મોટી વાત એ છે કે આ ઘટનાને જોવા માટે કોઈ મોંઘા ટેલિસ્કોપની જરૂર પડશે નહીં.

નાસાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે CRBમાં વિસ્ફોટ હંમેશા થતા નથી. આ વિસ્ફોટ પહેલા આવો વિસ્ફોટ વર્ષ ૧૯૬૪માં જોવા મળ્યો હતો. એટલે કે આ પ્રકારનો વિસ્ફોટ ૮૦ વર્ષમાં લગભગ એક વાર થાય છે. આ ઘટના કંઈક અંશે હેલીના ધૂમકેતુ જેવી જ છે. જો કે, તે નોવા છે તેથી તે ધૂમકેતુ કરતાં વધુ સારી માનવામાં આવે છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના મેટિયોરોઇડ એન્વાયરમેન્ટ પ્રોગ્રામના મેનેજર વિલિયમ કૂક આ અંગે જણાવે છે કે મોટા ભાગના કિસ્સાઓમાં આપણને ખબર નથી હોતી કે નોવા ક્યારે ફૂટશે. પરંતુ ત્યાં ૧૦ નોવા છે જે રિકરિંગ નોવા છે, એટલે કે, વિસ્ફોટ એક નિશ્ચિત સમયે ફરીથી અને ફરીથી થાય છે. કોરોના બોરેલિસ તેનું ઉદાહરણ છે.

આ વિસ્ફોટ આજે જ થાય તેમ બને અને સપ્ટેમ્બર મહિના સુધીમાં કોઈપણ એક દિવસે થશે. જોકે વૈજ્ઞાનિકો આની ગતિવિધિ પર નજર રાખી રહ્યાં છે, આથી બની શકે કે તેમને અંદાજો આવી જશે કે ઘટના નજીકના સમયમાં બનવા જઈ રહી છે

# સાઉથના ડિરેક્ટર એસ. શંકરની દીકરી ઐશ્વર્યા ચેન્નઈના તરુણ કાર્તિકેયન સાથે લગ્ન બંધનમાં બંધાઈ

નવિદીલ્હી

સાઉથના ડિરેક્ટર એસ. શંકરની દીકરી ઐશ્વર્યા ચેન્નઈના તરુણ કાર્તિકિયન સાથે લગ્ન બંધનમાં બંધાઈ હતી, આ લગ્નમાં અનેક મોટા સેલિબ્રિટિઝ અને એક્ટર્સે હાજરી આપી હતી, જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. આ સેલિબ્રિટિઝમાં અભિનેતા રજનીકાંત અને કમલ હાસન પણ આવ્યા હતા અને તેમણે ફોટો માટે પોઝ પણ આપ્યો હતો.

અભિનેતા કમલ હાસને બ્લેક આઉટફીટ પહેર્યો હતો તો રજનીકાંતે ક્રીમ કલરના કપડાં પહેર્યા હતા. આ લગ્ન એશ્વર્યા અને તરુણના લગ્નમાં અભિનેત્રી નયનતારા તેના પતિ વિગ્નેશ શિવાન સાથે આવી હતી. તેમ જ મણિરત્નમ, સૂર્યા, ચિયાન વિક્રમ, કાર્તિ જેવા અનેક અભિનેતાઓએ પણ લગ્નમાં ચાર ચાંદ લગાવ્યા હતા.

# સલમાનના ઘરની બહાર થયેલા ફાયરિંગ બાદ સલામતી પર પૂજા ભટ્ટે સવાલ ઊભા કર્યા



મુંબઇ,

સલમાન ખાનના બાંદરામાં આવેલા ગૅલૅક્સી અપાર્ટમેન્ટની બહાર થયેલા ફાયરિંગને લઈને પૂજા ભટ્ટે પોલીસની સલામતી-વ્યવસ્થા પર જ સવાલ ઊભા કર્યા છે. ગઈ કાલે સવારે લગભગ પાંચ વાગ્યાની આસપાસ બાઇક પર સવાર બે વ્યક્તિઓએ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાની જવાબદારી ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે લીધી છે. સાથે જ તેણે એવું પણ જણાવ્યું કે આ તો તને ટ્રેલર દેખાડવા માટે હતું.

આ પહેલી અને છેલ્લી ચેતવણી છે. અગાઉ પણ સલમાનને ધમકીઓ મળી હતી અને એથી તેની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પોલીસે હવે ઝઝ્રફ ફુટેજ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના બાદ સલમાનનો પરિવાર ચિંતિત બની ગયો છે. ઘટનાની જાણ થતાં જ અરબાઝ ખાન તેની વાઈફ શૂરા ખાન સાથે સલમાનને મળવા પહોંચ્યો હતો.

# પાણીપુરી જોઈને વિકી કૌશલના મોંમાં પાણી આવી ગયું : સ્ટ્રિક્ટ ડાયટને પણ છોડી દીથી



મુંબઇ,

વિકી કૌશલ આજે જ્યાં છે ત્યાં સુધી પહોંચવાની સફર આસાન નહોતી. સખત મહેનતથી અભિનેતા ભારતીય ફિલ્મ ઉદ્યોગના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતાઓમાંનો એક બન્યો. હાલમાં, તે તેના આગામી પ્રોજેક્ટના શૂટિંગમાં વ્યસ્ત છે અને પાત્ર માટે સખત આહાર પર છે. પરંતુ થોડા સમય પહેલા, તેને તાજેતરમાં જ તેની પ્રિય વાનગી સાથે તેના આહારમાં છેતરપિંડી કરી. તમને જણાવી દઈએ કે અભિનેતાનો તેની ફિલ્મના સેટ પરથી ગોલ ગપ્પા ખાતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

ગયા વર્ષે, વિકી કૌશલે શાહરૂખ ખાન, તાપસી પન્નુ અને અન્ય સાથે કોમેડી-ડ્રામા ફિલ્મ ડંકીમાં અભિનય કર્યો હતો. થોડી જ વારમાં તેને તેના આગમનની જાહેરાત કરી પ્રોજેક્ટ માટે ઈચ્છિત શરીર મેળવવા માટે મારી જાતને સખત આહાર અને તાલીમ પર રાખ્યો. પરંતુ, જ્યારે તેને આખી ટીમ માટે પાણીપુરી સ્ટેશન ગોઠવેલું જોયું તો તે પોતાની જાતને રોકી શક્યો નહીં.

ઈન્સ્ટાગ્રામ પર જતા, મસાન અભિનેતાએ તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક વિડિયો શેર કર્યો, જેમાં તે મહિનાઓ પછી તે સ્વાદિષ્ટ જંક ફૂડનો આનંદ માણવા માટે કેટલો ઉત્સાહિત હતો તે દર્શાવે છે. ક્લિપમાં, અભિનેતાએ સફેદ ટી-શર્ટ, કેપ, પગરખાં અને સન્ની સાથે શોર્ટ્સની જોડી પહેરી હતી. ક્લિપ શેર કરતી વખતે તેણે લખ્યું, “મહિનાઓ પછી ઠગ ભોજન! પાણીપુરી બનાવવાની હતી. હું આજે રડીશ.

# આર્થિક તંગીને કારણે સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના જાણીતા ફિલ્મ નિર્માતા સૌંદર્ય જગદીશની આત્મહત્યા

બેંગ્લુરૂ,

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પીઢ ફિલ્મ નિર્માતા સૌંદર્ય જગદીશે આત્મહત્યા કરી લીધી છે. તે આર્થિક તંગીથી ઝઝૂમી રહ્યો હતા. કન્નડ ફિલ્મ નિર્માતા સૌંદર્યા જગદીશ બેંગલુરુમાં તેમના મહાલક્ષ્મી લેઆઉટ ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. મહાલક્ષ્મી પોલીસે સૌંદર્યા જગદીશ આત્મહત્યાનો કેસ નોંધ્યો છે. તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે તેમના ઘરે રાખવામાં આવ્યો છે. ઈન્ડિયા ટીવીના ટી રાઘવને અહેવાલ આપ્યો છે કે સૌંદર્યા જગદીશને નાણાંનું મોટું નુકસાન થયું છે, જેના કારણે બેંકે તેના ઘર સહિત તેની સંપત્તિ જપ્ત કરવાનું શરૂ કર્યું અને તેના કારણે પ્રખ્યાત ફિલ્મ નિર્માતાએ આત્મહત્યા કરી.

કન્નડ ફિલ્મ પ્રોડ્યુસર સૌંદર્ય જગદીશનું નિધન થયું છે. સૌંદર્યા જગદીશના મૃત્યુના સમાચારથી સમગ્ર કન્નડ ઉદ્યોગમાં શોક છવાઈ ગયો છે. ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક થારુન સુધીરે એક્સ (અગાઉ ટ્વિટર) પર દિવંગત ફિલ્મ નિર્માતાને શ્રદ્ધાંજલિ આપી અને લખ્યું, ‘સૌંદર્યા જગદીશ સરના આકસ્મિક નિધન વિશે સાંભળીને ખૂબ જ દુ:ખ થયું. કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમની હાજરી હંમેશા યાદ રાખવામાં આવશે. તેમના પરિવાર અને પ્રિયજનો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું.

ફિલ્મ નિર્માતા સૌંદર્યા જગદીશના નિધન બાદ તેના મિત્ર શ્રેયસે વાત કરતા કહ્યું, ‘જગદીશનું મૃત્યુ આત્મહત્યાથી થયું હતું. અમે તેને હોસ્પિટલ લઈ આવ્યા પરંતુ ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો. તમને જણાવી દઈએ કે કન્નડ ફિલ્મ પ્રોડ્યુસર સૌંદર્ય જગદીશને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નહોતી. તેના મિત્રએ તાજેતરમાં જ જગદીશને બેંક નોટિસ મોકલવામાં આવી હોવાનો દાવો કર્યો હોવાના સમાચાર પર તેણે કહ્યું, ‘ના, તેની સાથે તેને કોઈ લેવાદેવા નથી. આ સમસ્યા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે, પરંતુ આ મુદ્દાઓ ખૂબ જ અલગ છે.

તમને જણાવી દઈએ કે જગદીશે ઘણી લોકપ્રિય કન્નડ ફિલ્મો બનાવી છે, જેમાં ‘અપ્પુ પપ્પુ’, ‘મસ્ત માજા માડી’, ‘સ્નેહિતરુ’ અને ‘રામલીલા’ વગેરેનો સમાવેશ થાય છે.

# રોહિતે ટી-૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પણ પૂરી કરી : ભારતનો પ્રથમ ખેલાડી

ચેન્નાઈ

આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમો આમને-સામને છે. બંને ટીમો વચ્ચેની આ મેચની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આ મેચમાં ઘણા રેકોર્ડ બન્યા હતા. આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન અને ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો. ચેન્નાઈ સામેની મેચમાં તે શાનદાર ફોર્મમાં જોવા મળ્યો હતો. આ મેચમાં રોહિત શર્માએ પણ ઘણા રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ટી-૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પણ પૂરી કરી હતી. આવું કરનાર તે ભારતનો પ્રથમ ખેલાડી બની ગયો છે. આ પહેલા કોઈ ભારતીયે આ કારનામું કર્યું નથી. રોહિત શર્મા તેની લાંબી હિટિંગ પાવર માટે જાણીતો છે. આ કારણે તેને હિટમેન પણ કહેવામાં આવે છે.

રોહિત શર્માએ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ત્રીજો સિક્સ ફટકારતાની સાથે જ ટી ૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પૂરી કરી લીધી. તેણે રવિન્દ્ર જાડેજાની બોલિંગ પર આ સિદ્ધિ મેળવી હતી. અ ા પહેલા વિશ્વ ક્રિકેટમાં આ ા વ ા માત્ર ચાર બેટ્સમેન હતા. જેણે ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ છગ્ગા પૂરા કર્યા છે. રોહિત શર્મા આવું કરનાર ૫મો ખેલાડી બની ગયો છે. આ યાદીમાં ક્રિસ ગેલનું નામ પ્રથમ સ્થાન પર છે. તેણે ટી ૨૦ ક્રિકેટમાં ૧૦૦૦થી વધુ સિક્સર ફટકારી છે.



# એક સમયે પશ્ચિમના દેશોથી પણ વધુ બોલ્ડ હતું ઈરાન



ઈઝરાયલ

ઈઝરાયલ પર હૂમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. ઈરાનના ઈઝરાયલ સાથે સાથે અમેરિકાને પણ ચેતવણી આપી છે. ઈરાન આજે કટ્ટર મુસ્લિમ દેશ છે. પરંતુ એક સમય એવો હતો કે જ્યાં પશ્ચિમી દેશો કરતા પણ વધુ બોલ્ડનેસ છે.

આજે જે ઈરાન છે તે કેટલાક દસકા પહેલા એવો દેશ ન હતો. ઈરાનની ઈઝરાયલ સાથે અને અમેરિકા સાથે પણ સારી મિત્રતા હતી. પરંતુ આજે તે એક કટ્ટર દેશ બની ગયો છે. જ્યાં હિજાબ ન પહેરવા પર પણ સજા અપાય છે. ૭૦ના દાયકામાં ઈરાન એટલું બોલ્ડ હતું જેટલા આજે પશ્ચિમના દેશો છે. લોકોને ખાવા પીવા અને પહેરવા ઓઢવા પર કોઈ રોકટોક ન હતી. તેની આ બોલ્ડનેસનું કારણ રેજા શાહ પહેલવી હતી. ૧૯૩૬માં પહેલવી વંશના રેજા શાહે હિજાબ અને બુરખા પર પ્રતિબંધ મુકી દીધો હતો. મહિલાઓની આઝાદીના હિસાબે આ એક ક્રાંતિકારી પગલું હતું.

## એક ક્રાંતિથી બની ગયો કટ્ટર ઈસ્લામિક દેશ

તેમના પછી તેમના દિકરા રેજા પહેલવી ઈરાનના શાસક બન્યા હતા. પરંતુ ૧૯૪૯માં નવપં સંવિધાન લાગુ થઈ ગયું. ૧૯૫૨ માં મોહમ્મદ મોસદ્દિક પ્રધાનમંત્રી બન્યા. ૧૯૫૩માં જ તેમનો તખ્તાપલટ થઈ ગયો. તેમના બાદ રેજા પહેલવી જ દેશના સર્વેસર્વા બની ગયા. રેજા પહેલવીને જનતા અમેરિકાની કઠપૂતળી કહેવા લાગ્યા. તે સમયે તેમના વિરોધી આયાતુલ્લાહ રહોલ્લા ખોમૈની હતી. ૧૯૬૪માં પહેલવીએ ખોમૈનીને દેશ નિકાલ કરી દીધા. ૧૯૬૩ માં પહેલવીએ ઈરાનમાં શ્વેત ક્રાંતિનું એલાન કર્યું. આર્થિક અને સામાજીક સુધાર માટે આ ખૂબ મોટુ એલાન હતું. પરંતુ તે ઈરાનને પશ્ચિમી મૂલ્યો તરફ લઈ જઈ રહ્યા હતા. જેથી તેમનો વિરોધ શરૂ થયો.

૧૯૭૩ માં આતરાર્ષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત ઘટવા લાગી. તેનાથી ઈરાનની અર્થવ્યવસ્થા ઠેબે ચઢી. ૧૯૭૮ સપ્ટેમબરમાં જનતાનો ગુસ્સો તુંટી પડયો. પહેલવી વિરૃધ્ધ મોટા પાયે પ્રદર્શન થવા લાગ્યા. મૌલવીઓને ફાંસમાં બેઠા આયાતુલ્લાહ ખોમૈની પાસેથી નિરેદેશ મળતા હતા. થોડા સમયમાં હાતલ બદતર થઈ ગઈ. ૧૬ જાન્યુઆરી ૧૯૭૯માં રેજા પહેલવી પોતાના પરિવાર સાથે અમેરિકા જતા રહ્યા. જતા જતા તેમણે વિપક્ષી નેતા શાપોર બખ્તિયારને અંતરિમ પ્રધાનમંત્રી બનાવી દીધા.

# શહેરના ત્રણ વોર્ડમાં 'મોદી પરિવાર સભા' યોજાઈ



રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૭૦માં શહેરના વોર્ડ– ૭ માં જૈન ચાલ, ગોંડલ રોડ ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું .



રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૭૧માં શહેરના વોર્ડ– ૧૧ માં બાપા સીતારામ ચોક ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું



રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૭૧માં શહેરના વોર્ડ– ૧૮ માં ૮૦ ફુટ રોડ, શ્યામ હોલ ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી.

# રાજકોટ એસ.ટી. બસપોર્ટમાં બંધ પંખા ફરી શરૂ કરાયા

રાજકોટ,

ગુજરાત એસ.ટી મુસાફર રક્ષક સમિતિના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, મહિલા સામાજીક આગેવાનો નિશાબેન સોલંકી, જસુબા વાંક, સરલાબેન પાટડીયા ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ ઢેબર રોડ પરનું એસ.ટી નું બસ પોર્ટ ૧૭૫ કરોડના ખર્ચે આધુનિકીકરણ થી બનાવ્યા બાદ આ બસ સ્ટેશનમાં વ્યાપક પણે ભ્રષ્ટાચારવામાં આવ્યો હોવાનું લોક મુખે ચર્ચાય છે. ત્યારે આ એસ.ટી બસ સ્ટેશનએ થાળી ભાંગીને વાટકો કરાતા યાત્રીકોની એસ.ટી બસ સ્ટેશનમાં સલામતી સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. કરોડો રૂપિયા ખર્ચાયા બાદ યાત્રિકોની સુવિધા ને બદલે દુવિધા માં વધારો થતા રાજકોટ બસપોર્ટમાંના ૫૦% પંખા બંધ હાલતમાં હતા. જે પગલે તારીખ ૨૮/૩ ના બસપોટેના કંટ્રોલ રૂમ માં ની ફરિયાદ પોથીમાં લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ તેમ છતાં કોઈ કારણોસર તમામ પંખાઓ શરૂ કરવામાં ઠાગાઠૈયા કરવામાં આવ્યા અને લેખિત રજૂઆત તુમારશાહીનો નો ભોગ બનતા પુનઃ સ્મૃતિ પત્ર દ્વારા એસ.ટી ડેપો



મેનેજરને લેખિત રજૂઆત કરી જેની નકલ રાજયના મુખ્યમંત્રી અને ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહારના મેનેજિંગ ડાયરેક્ટરને પાઠવવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવ્યું હતું કે એસ.ટી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની ફરિયાદ ઉકેલવામાં ગોકળ ગાયની ગતિ ને પગલે બસપોર્ટમાં આવી રહેલ ૧૮૦૦ બસોના હજારો યાત્રિકોને ભર ઉનાળે કાળઝાળ ગરમીમાં બંધ પંખા ને પગલે મુસાફરોને પરસેવે નિતરવુ પડે છે યાત્રિકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. એસ.ટી ને ૨૫% ભાડા વધારો આધુનિક ઈન્સ્ફાસ્ટ્રક્ચર સાથે મુસાફરોને સારી સુવિધા મળે તે હેતુને ધ્યાનમાં લઈ ભાડા વધારો કરવાની સરકારે મંજૂરી આપી છે. અને આ ભાડા વધારાને પગલે એસ.ટીને અંદાજે વાર્ષિક ૧૨૦૦ કરોડ રૂપિયા કમાણી થવાની છે. એસ.ટી.ના તમામ પંખાઓ દસ દિવસમાં શરૂ કરવામાં નહીં આવે તો ડેપો મેનેજરની ઓફિસમાં આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવતા કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું એસ.ટી નું તંત્ર હરકતમાં આવ્યું હતું. તમામ પંખાઓ શરૂ કરી દેવામાં આવ્યા હતા.


# આંસી લલાડીયા બી.ડી. ઈ.એસ અભ્યાસક્રમમાં સમગ્ર ભારત પ્રથમ

## મૂળ અમરેલીના પુના ખાતે સ્થાયી થયેલા લલાડીયા પરિવારની દીકરી દેશમાં અવ્વલ

અમરેલી :

સમગ્ર ભારતમાં આઈઆઈટી એ માત્ર ભારતની નહીં વિશ્વભરની નામાંકિત ટેકનોલોજી શિક્ષણ આપતી સંસ્થા છે આઈઆઈટીમાં એન્જિનિયરિંગ કરેલી વ્યક્તિ ખૂબ સારી કેરિયર બનાવી શકે છે અને સારી જોબ મેલવે છે છેલ્લા ઘણા વર્ષોથી આઈઆઈટી દ્વારા એન્જિનિયરિંગ સિવાય પણ કેટલાય અભ્યાસક્રમો વર્લ્ડ ક્લાસ ગુણવત્તા ધરાવતા લોન્ચ કરેલા છે તે પૈકીનો એક અભ્યાસક્રમ બી.ડી. ઈ.એસ છે આ અભ્યાસક્રમ નું પૂરું નામ છે બેચલર ઈન ડિઝાઈન સ્ટડી. આ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે ધોરણ ૧૨ કોઈપણ પ્રવાહમાં ભણતી કે પાસ કરેલ વ્યક્તિ પ્રવેશ પરીક્ષા આપી શકે છે. આ પ્રવેશ પરીક્ષામાં ભારત ભરમાં વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહના ૧૫૦૦૦ વિદ્યાર્થીઓએ ચાલુ સાલે પરીક્ષા આપી હતી.

૧૫,૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી મૂળ અમરેલી તથા હાલ પુના ખાતે થયેલા સ્થાયી થયેલા શ્રી ઈન્ફોસિસ કંપનીના લીડ મેનેજર કમલભાઈ પ્રવિણચંદ્ર લોલાડીયા તથા ઋતુબેનની તેજસ્વી પુત્રી આંસી કમલભાઈ લલાડીયા એ સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. પરીક્ષા આપનારાઓમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને



પણ ટક્કર મારી અવલ સ્થાન હાંસલ કરી સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંકે આવી અને જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત કરી આંસીને ભારતની નંબર વન આઈઆઈટી બોમ્બે આઈ.આઈ.ટીમાં પ્રવેશ મળ્યો અને હવે તે બોમ્બે આઇઆઇટી માં ડિઝાઇનિંગનો બેચલર અને માસ્ટર કોર્સ કરશે. આંસિ સતત બે વર્ષ સુધી પ્રવેશ પરીક્ષા માટે પોતાની સુઝબૂઝ લગન અને સખત પરિશ્રમ દ્વારા તૈયારી કરી હતી જેને કારણે આવું ઐતિહાસિક પરિણામ પ્રાપ્ત થયું આંશી દ્વારા લલાડીયા કુટુંબનું ખૂબ ગૌરવ વધારવામાં આવ્યું છે સૌરાષ્ટ્રના જાણીતા કારકિર્દી માર્ગદર્શક શ્રી દ્વારકાદાસ લલાડીયા ના પરિવાર ની તેજસ્વી તારિકા આન્સી પર શુભેચ્છાઓ આશીર્વાદ અને અભિનંદન ની વર્ષા વર્ષી રહી છે અને એક તદ્દન નવી જ દિશામાં કેડી કંડારી તેણે કારકિર્દી અંગે સર્વને નવો રાહ ચિંધ્યો છે તે ખૂબ જ પ્રેરણાદાયક છે

# ધ્રોલના તમાચણ ગામે શ્રી મેલડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગ માંડવો

## માતાજીના દર્શન તેમજ મહા પ્રસાદ લેવા વરુ પરિવાર દ્વારા ભાવભર્યું નિમંત્રણ

રાજકોટ

ધ્રોલ તાલુકાના તમાચણ ગામે વરુ પરિવાર દ્વારા શ્રી મેલડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગ માંડવોનું તા. ૧૯-૦૪-૨૦૨૪ ને શુક્રવારના ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.શ્રી મેલડી માતાજીના મંદિર સ્થળે આયોજિત નવરંગ માંડવોના શુભ મંગલ ધાર્મિક પ્રસંગમાં તા. ૧૯ ને શુક્રવારના રોજ સવારે ૭:૦૦ કલાકે થાંભલી રોપણ, બપોરે ૧૧:૩૦ કલાકે તેમજ સાંજે ૭:૦૦ કલાકે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તા. ૨૦-૦૪-૨૦૨૪ ને શનિવારના રોજ સવારે ૭:૦૦ કલાકે થાંભલી વધાવાવામાં આવશે.

નવરંગ માંડવામાં તમાચણ શ્રી મેલડી માતાજીના ભુવાશ્રી બાવાભાઈ વિહાભાઈ ઝાપડા અને ધ્રોલ મઢના શ્રી સીધોઈ તથા ખોડીયાર માતાજીના ભુવા શ્રી રાજાભાઈ વિસ્મભાઈ વરુ અને વરુ કુટુંબના ભુવા શ્રીઓ અને પંચના ભુવાશ્રીઓ કેરાળા ગામના રાવળદેવશ્રી અનિલભાઈના ડાકલાંના સંગાથે માતાજીની આરાધના કરશે. આ શુભ પ્રસંગે ધ્રોલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સ્વ. લીંબાભાઈ હકુભાઈ વરૂ, મચ્છાભાઈ લીંબાભાઈ વરૂ, સીધાભાઈ લીંબાભાઈ વરૂ, લાખાભાઈ લીંબાભાઈ વરૂ, રવિભાઈ લીંબાભાઈ વરૂ પરિવાર દ્વારા માતાજીનાં દર્શન કરવા તેમજ પ્રસાદ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ધ્રોલના ભરવાડ સમાજના સૌ આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવ યોજાયો

રાજકોટ,

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, લોકમાન્ય તિલક અને સુભાષચંદ્ર બોઝ ટાઉનશીપ દ્વારા આયોજીત સમૂહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવનું ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે વહેલી સવારથી મોડી રાત્રી સુધી માતાજીના દર્શન, પૂજન, અર્ચન, મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન-કિર્તન તેમજ રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, મેયર નયનાબેન, ડે.મે.નરેન્દ્રસિંહ (ટીકુભા),



શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, સહિતના ઉપસ્થિતિ રહ્યા હતા. આ અવસરે ૧૫૦૦ કરતા વધુ ગોરણીઓના પગ ધોવાનો, ભાવિકો, યજમાન પરીવાર તેમજ ૨૦૦ કાર્યકર્તા વગેરે માટે પૂજન, ભોજન-પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજકોટ હિરાસર એરપોર્ટના નવા ટર્મીનલમાં ફરી મુદ્દતઃ હવે લોકસભા ચૂંટણી બાદ નવા ટર્મીનલનું કામ પૂર્ણ થશે

રાજકોટ,

રાજકોટનું આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ ખુલ્લું મુકાયાને મહિનાઓ વિતી જવા છતાં હજુ સંપૂર્ણ નિર્માણ પૂર્ણ થયું નથી અને એક પછી એક મુદત પડી રહી છે. ટર્મીનલનું બાંધકામ હવે લોકસભા ચૂંટણી પછી જ પૂર્ણ થઈ શકે તેમ છે. હિરાસર એરપોર્ટ કાર્યરત કરી દેવામાં આવ્યું હોવા છતાં હાલ કામ ચલાઉ ટર્મીનલ પરથી સંચાલન થાય છે. સ્થાયી ટર્મીનલનું નિર્માણ ૩૧ માર્ચે પૂર્ણ થવાનો ટારગેટ હતો. પરંતુ તે શક્ય બન્યું નથી. હવે ચૂંટણી પછી જ તે શક્ય બને તેમ છે અને એટલે નવી ડોમેસ્ટીક તથા ઈન્ટરનેશનલ ફ્લાઈટ મળવામાં વિલંબ થઈ શકે છે.હિરાસરનું ૧૨૨૫ હેક્ટરમાં પથરાયેલું ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ જુલાઈ-૨૦૨૩માં ખુલ્લું



મુકાયું હતું અને ૧૦મી સપ્ટેમ્બરથી કામચલાઉ ટર્મીનલ મારફત ફ્લાઈટ ઓપરેશન શરુ કરી દેવાયું હતું. આ કામ ચલાઉ ટર્મીનલમાં પ્રવાસીઓથી સંચાન ક્ષમતા જુના એરપોર્ટ જેટલી જ છે. હાલ એરપોર્ટથી દૈનિક ૧૨ ફ્લાઈટનું સંચાલન થાય છે.આ એરપોર્ટનું ખાત મુર્હુત ઓક્ટોબર-૨૦૧૭માં ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે તેનો શિલાન્યાસ કરાયો હતો. ડીસેમ્બર-૨૦૨૨માં તે કાર્યાન્વિત થઈ જવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ડોમેસ્ટીક તથા ઈન્ટરનેશનલ ફ્લાઈટની સુવિધા મળવાનો દાવો કરાયો હતો.રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાએ કહ્યું કે એરપોર્ટનું સંપૂર્ણ નિર્માણ પૂર્ણ થવામાં ઢીલ નિરાશાજનક છે. હાલત એવી છે કે નવી સુવિધા કે નવી ફ્લાઈટ મળતી નથી. લોકસભા ચૂંટણી પૂર્વે નિર્માણ પૂર્ણ થવાની તથા ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરુ થઈ જવાની ગણતરી હતી પરંતુ તે પણ વાસ્તવિક બની નથી. હાલ હિરસર એરપોર્ટથી ડોમેસ્ટીક ફ્લાઈટ ઉડાન ભરે જ છે. પરંતુ જ્યાં પહોંચવામાં સમય અને ખર્ચ સામે લોકોમાં કચવાટ છે.

શહેરથી ૩૦ કિ.મી. દુર સ્થિત એરપોર્ટ પર પહોંચવામાં ખોટો ખર્ચ થાય છે અને ટ્રાફિક જેવા અવરોધો વખતે કલાક જેવો સમય લાગે છે. આ ઉપરાંત ફ્લાઈટના ઉડાન સમયના ૭૫ મીનીટ અગાઉ ચેકઈન કાઉન્ટર બંધ કરી દેવામાં આવે છે. એરપોર્ટના ડાયરેક્ટર દિગંતા બોહારે કહ્યું કે ચૂંટણી પછી કેન્દ્રમાં નવી સરકારના ગઠન બાદ નવા ટર્મીનલને ખુલ્લું મુકવામાં આવશે. જાણકારોના કહેવા પ્રમાણે સ્થાયી ટર્મીનલ શરૂ થતાં પછી જ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શક્ય બનશે.

# વોર્ડ નં.૧માં પરસોત્તમ રૂપાલાનો ડોર ટુ ડોર લોકસંપર્ક

## અબ કી બાર ૪૦૦ કે પારના નારા સાથે પ્રચારની ઘણઘણાટી

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ રાજકોટ શહેરના વોર્ડ-૧ના વિવિધ વિસ્તારોમાં લોકસંપર્ક કર્યો હતો. આ લોકસંપર્ક દરમ્યાન તેમને જુદા-જુદા સ્થળોએ સાર્વત્રિક આવકાર સાંપડયો હતો.આ લોકસંપર્ક દરમ્યાન રૂપાલાજીનું ક્ષત્રિય સમાજ સહિત વિવિધ ૧૨ જેટલી જ્ઞાતિ-સમાજ જેમાં ક્ષત્રિય સમાજ, સતવારા સમાજ, મોચી સમાજ, આહિર સમાજ, ભીલ સમાજ, સીંધીસમાજ, માલધારી સમાજ, બ્રહમસમાજ, પ્રજાપતી સમાજ, અનુસુચિત જાતિ, અન્ય સમાજ વગેરે સમાજ ધ્વારા અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વેપારી એસોસીએશન, ઉન્નતી સ્કુલ દ્વારા પણ ઉષ્માસભર સ્વાગત કરવામાં આવેલ હતું. તેમજ ક્ષત્રીય સમાજ વતી કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, જયરાજસિંહ જાડેજા, ઉદયભાઈ કાઠી, સત્યજીતસિહ જાડેજા, હંસરાજસિહ જાડેજા વિગેરેએ



રૂપાલાજીનું સન્માન કર્યુ હતું.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ વોર્ડ-૧માં ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે ભોળાનાથ મહાદેવને શીશ ઝુકાવી દર્શન-પૂજન-અર્ચન કરીને લોકસંપર્કનો પ્રારંભ કર્યો હતો. ત્યારે બાદ ગાંધીગ્રામ, એસ.કે, ચોક, ગાયત્રી ડેરી, નાણાવટી ચોક સહિતના વિસ્તારમાં લોકસંપર્ક કર્યો હતો. આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ ચોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, સહીતના જોડાયા હતા. તેમજ વોર્ડના કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, ડો. અલ્પેશ મોરજરીયા, હિરેન ખીમાણીયા, વોર્ડપ્રભારી કાથડભાઈ ડાંગર, વોર્ડપ્રમુખ કાનાભાઈ ખાણધર, મહમંત્રી નાગજીભાઈ વરૂ, ગૌરવ મહેતા, મનીષ ભટ્ટ, વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, મહેશભાઈ રાઠોડ, દિવ્યેશ જોષી, મનોજ ગેડીયા, તેમજ જયદીપસિહ જાડેજા, જયરાજસિહ જાડેજા, મનજીભાઈ પરમાર, રામદેવભાઈ આહિર, મોહનભાઈ વાડોલીયા, ભરતભાઈ, કુણાલ પરમાર, સહિતના ઉપસ્થિત રહ્યા હતા

# અનુસુચિત જાતિ સમાજના અગ્રણી બગડાના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા

## અનુસુચિત જાતિ સમાજના ઉપસ્થિત આગેવાનો સાથે સંવાદ કરતા રૂપાલાજી : પરિવારના સદસ્યો સાથે ભોજન ગ્રહણ કર્યુ

રાજકોટ

શહેરના લક્ષ્મી સોસાયટી(પેડક રોડ) ખાતે અનુસુચિત જાતિ સમાજના અગ્રણી અને શહેર ભાજપ અનુસુચિત જાતિ મોરચાના પૂર્વ પ્રમુખ લાખાભાઈ બગડાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ તકે રૂપાલાજીનું બગડા પરિવારના મોભીશ્રી લાખાભાઈ બગડા, ભરતભાઈ, સંજયભાઈ, ઈશીતાબેન, શ્લોકાબેન, વર્ષાબેન અને નીતાબેન બગડાએ ઉષ્માસભર સ્વાગત કર્યુ હતું. તેમજ રૂપાલાજીએ બગડા પરિવાર સાથે ભોજન ગ્રહણ કર્યુ હતું. તેમજ ઉપસ્થિત અનુસુચિત સમાજના અગ્રણીઓ સાથે સંવાદ સાધ્યો હતો.



આ તકે રૂપાલાજી સાથે રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, વિધાનસભા–૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મેયર નયનબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા,કોર્પોરેટર હાર્દિક ગોહિલ, શહેર અનુ.જાતી મોરચા પ્રમુખ રતાભાઈ પરમાર, વોર્ડપ્રમુખ પરેશ લીંબાશીયા, મહામંત્રી દિનેશ ડાંગર, વજુભાઈ લુણસીયા, તેમજ લાલજીભાઈ આથુ, રસીકભાઈ વોરા, મનહરભાઈ બાબરીયા, નરેન્દ્રભાઈ ડવ, ભારતીબેન મકવાણા, જયશ્રીબેન ચાવડા, મનસુખભાઈ ચૌહાણ, દિલીપ લુણાગરીયા, રસીલાબેન સાકરીયા, શામજીભાઈ ચાવડા, મહેશ અઘેરા, દેવજીભાઈ ખીમસુરીયા, ગિરધર રાઠોડ, અનિલ શ્રીમાળી, રમેશભાઈ રાઠોડ, વિપુલ પરમાર, દિનેશ સોલંકી, જયંતીભાઈ ધાંધલ, પ્રવીણભાઈ ચાવડા, મુકેશ વાઘેલા, મોહનભાઈ દાફડા, જયંતીભાઈ પડસાના, મોહનભાઈ પરમાર, દિનેશભાઈ ગોહિલ, ચેતનભાઈ ચાવડા સહિતના સાથે બહોળી સંખ્યામાં અનુસુચિત જાતિ સમાજના લોકો ઉપસ્થિત રહયા હતા.

# દેવભૂમિ દ્વારકાના દરિયા કાંઠેથી રૂા. ૪૪.૮૫ લાખનો બિનવારસી ચરસનો જથ્થો ઝડપાયો

## મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરાઈ


તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દેવભૂમિ દ્વારકાના દરિયા મારફતે હેરાફેરી થતા અગાઉ ઝડપાયેલા તોતિંગ ડ્રગ્સ બાદ આજરોજ ચઢતા પહોરે પોલીસને દરિયાકાંઠા વિસ્તારમાંથી રૂપિયા ૪૪.૮૫ લાખની કિંમતનો ચરસનો જથ્થો મળી આવ્યો છે. જો કે આ માદક પદાર્થ મંગાવનારા તથા સપ્લાયરો પોલીસને ન મળી આવતા આ અંગે એસ.ઓ.જી. પોલીસે ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી.) દ્વારા ગતરાત્રિના હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન દ્વારકા વિસ્તારમાં આવેલા શાંતિનગર ખાતેની એક હોટલ નજીકના બીચની સામેના દરિયાકાંઠા નજીક પહોંચતા રાત્રિના આશરે ૨ વાગ્યાના સમયે પોલીસને એક પ્લાસ્ટિકનું પારદર્શક બોક્સ સાંપળ્યું હતું. આથી પોલીસે આ બોક્સની તપાસ કરતા તેમાં રહેલો પદાર્થ ચરસ હોવાનું ખુલવા પામ્યું હતું.

એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીમાં આ પ્લાસ્ટિકના પારદર્શક બોક્સમાં રહેલું ૮૯૭ ગ્રામ ચરસ પોલીસે કબજે લીધું છે. આ ચરસની કિંમત ૪૪,૮૫,૦૦૦ ગણવામાં આવી છે. જો કે આ સ્થળે પોલીસને કોઈ આરોપી મળી આવ્યો ન હતો. આ અંગેની પ્રાથમિક તપાસમાં કોઈ શખ્સ દ્વારા આ ચરસનો જથ્થો મંગાવી, અને પોલીસના ચેકિંગ દરમિયાન હેરાફેરી કરતા પકડાઈ જવાના બીકે ચરસનો આ જથ્થો દરિયામાં અથવા દરિયા કાંઠે બિનવારસુ હાલતમાં છોડી દેવામાં આવ્યો હતો. જેથી આશરે રૂપિયા ૪૫ લાખ જેટલી કિંમતનો ૮૯૭ ગ્રામ ચરસનો જથ્થો પોલીસે કબજે લઈ અને આ પ્રકરણમાં સંડોવાયેલા શખ્સ સામે એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયાએ દ્વારકા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ધોરણસર ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ આગળની તપાસ દ્વારકાના પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ભાણવડ પંથકમાંથી ઈંગ્લીશ દારૂના ત્રણ દરોડામાં ૨૩૫ બોટલ સાથે બે ઝડપાયા


તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોરઝર ગામે ગઈકાલે એક રહેણાંક મકાનમાં તેમજ એક ઓરડીમાં પોલીસે દરોડા પાડયા હતા. દરમ્યાન બન્ને સ્થળોએથી રૂા. ૬૭ હજારની કિંમતની ૨૩૫ બોટલ મળી આવી હતી. આથી પોલીસે મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોની અટકાયત કરી છે. જ્યારે ચાર શખ્સોને ફરાર જાહેર કરાયા છે.

ભાણવડથી આશરે ૧૦ કિલોમીટર દૂર મોરઝર ગામ ખાતે રહેતા સુભાષ વીરાભાઈ રાઠોડ તેમજ મહેશભાઈ લાલજીભાઈ પટેલ નામના બે શખ્સો દ્વારા સાથે મળીને આરોપી મહેશ લાલજીભાઈની વાડીની ઓરડીમાં છુપાવીને રાખવામાં આવેલી વિદેશી દારૂની ૩૧ બોટલ તેમજ દારૂના ૯૬ ચપટા મળી કુલ રૂપિયા ૪૧,૨૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. જો કે આ દરોડા દરમિયાન ઉપરોક્ત બંને આરોપીઓ પોલીસને હાથ લાગ્યા ન હતા. જે અંગે ભાણવડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. અન્ય એક કાર્યવાહીમાં મોરઝર ગામે રહેતા વિજય ઉગાભાઈ બગડા નામના શખ્સના રહેણાંક મકાનમાંથી પોલીસે જુદી જુદી બ્રાન્ડની ૬૫ બોટલ વિદેશી દારૂ કબજે કર્યો હતો. આ દરોડામાં રૂપિયા ૨૬,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. જેમાં રાણપર ગામના વેજા ભોરાભાઈ શામળા નામના શખ્સને સપ્લાયર તરીકે હાલ ફરાર જાહેર કરવામાં આવ્યો છે. ભાણવડ તાલુકાના ગડુ ગામના પાટીયા પાસે રહેતા રમેશ દેવાભાઈ મોરી નામના ૧૯ વર્ષના શખ્સના કબજામાંથી પોલીસે રૂ. ૧,૬૦૦ ની કિંમતની ચાર બોટલ વિદેશી દારૂ કબજે કર્યો છે. આ પ્રકરણમાં સપ્લાયર એવા ગડુ ગામના લખમણ નારણભાઈ કંડોરીયાને હાલ ફરાર જાહેર કરાયો છે.

# ખંભાળિયા નજીક પીકઅપ વાનમાંથી ૫૦૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપાયો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા નજીક ગઈકાલે પસાર થઈ રહેલા એક પીકઅપ વાનને પોલીસે રોકી તેની તલાશી લેતાં તેમાંથી દેશી દારૂનો તોતિંગ જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે કુલ રૂા. ૫.૧૬ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. જ્યારે ત્રણને ફરાર જાહેર કરવામાં આવ્યા છે.

ખંભાળિયા - દ્વારકા હાઈ-વે માર્ગ નજીક આવેલી પાયલ હોટલ નજીકના રેલવે ફાટક પાસેથી એલ.સી.બી. પોલીસે ગતરાત્રિના આશરે ૧૧ વાગ્યાના સમયે પસાર થઈ રહેલા જી.જે. ૨૫ ઈ ૫૮૮૪ નંબરના એક બોલેરો પીકઅપ વાનને અટકાવી, ચેકિંગ કરતા આ વાહનમાં તાલપત્રી હેઠળ છુપાવીને લઈ જવાતા ૫૦૦ લીટર દારૂના બાચકાઓ મળી આવ્યા હતા.

આથી પોલીસે રૂપિયા દસ હજારની કિંમતના દેશી દારૂ તેમજ રૂપિયા પાંચ લાખની કિંમતના બોલેરો વાહન અને મોબાઈલ, રોકડ સહિત કુલ રૂપિયા ૫,૧૬,૨૦૦ના મુદ્દામાલ સાથે પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના ડોલરગઢ ગામે રહેતા દેવા ઉર્ફે ભુરી જીવાભાઈ મોરી નામના ૨૫ વર્ષના માલધારી રબારી યુવાનને ઝડપી દીધો હતો. આ પ્રકરણમાં ખંભાળિયા તાલુકાના દેવળીયા ગામે રહેતા અનિરુદ્ધસિંહ કેસરીસિંહ જાડેજા, રાણપર ગામના કારા ઉર્ફે મેરુ કાના મોરી અને બાવરવાવ નેશ ખાતે રહેતા રાજુ કાનાભાઈ કટારા નામના ત્રણ શખ્સો પણ સંડોવાયેલા હોવાનું ખુલતા પોલીસે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, આરોપી દેવા ઉર્ફે ભુરી રબારીની અટકાયત કરી, અન્ય ત્રણ શખ્સોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# જોડીયાના વાવડી ગામે માવતરે આવેલ પરણીતાને ભાભી સાથે ઝઘડો થતા કર્યો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામમાં પોતાના માવતરે આંટો દેવા માટે આવેલી પરણિતાને પોતાના ભાભી સાથે ઝઘડો થતાં મનમાં લાગી આવ્યું હતું, અને ઘરમાં પડેલું એસીડ પી લઈ આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે, જોડિયા તાલુકાના વાવડી ગામમાં રહેતી અને ધ્રોળ તાલુકાના ઈટાળા ગામમાં પરણેલી મધુબેન લાલાભાઈ રાતડીયા નામની ૨૨ વર્ષની ભરવાડ યુવતી કે જે પરમદીને પોતાના માવતરે પ્રસંગ હોવાથી વાવડી ગામે આંટો દેવા માટે આવી હતી. જે દરમિયાન તેણીના ભાભી સાથે બોલાચાલી થઈ હતી.

જેનું મનમાં લાગી આવતાં તેણીએ ઘરમાં પડેલું એસીડ પીલઈ આત્મહત્યાનો પ્રયાસ કરતા હોસ્પિટલ ખસેડેલ જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે પમીબેન છગનભાઈ ટોયટાએ પોલીસને જાણ કરતા જોડીયાના પી.એસ.આઈ. બી. એલ. ઝાલાએ મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં સોડા શોપના મહિલા સંચાલકની નજર ચૂકવી બે ગઠિયા ૩૦ હજાર લઈ છૂમંતર

જામનગર : જામનગરમાં સાંઢીયા પુલ વિસ્તારમાં આવેલી એક સોડા શોપમાં વેપાર કરી રહેલી મહિલાની નજર ચૂકવી ગ્રાહકના શ્વાગમાં આવેલા બે ગઠિયાઓ ટેબલના ખાનામાંથી રૂપિયા ૩૦ હજારની રોકડ રકમ લઈને છું મંતર થઈ જતાં ચકચાર જાગી છે. પોલીસે બંને ગઠિયાઓની શોધખોળ હાથ ધરી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે, જામનગરમાં ગોકુલ નગર નજીક અયોધ્યા નગર વિસ્તારમાં રહેતા અને સોડા શોપ ની દુકાન ચલાવતા હિરેનભાઈ રમેશભાઈ કણજારીયા કે જેઓની હરસિધ્ધિ સોડા શોપ નામની દુકાન સાંઢીયા પૂલ નજીક આવેલી છે. જ્યાં ગઈકાલે સવારે ૧૧.૦૦ વાગ્યાના અરસામાં તેના પત્ની સંગીતાબેન વેપાર કરતા હતા, અને પોતે બહાર ગયા હતા. જે દરમિયાન પાછળથી ૨૫ થી ૨૭ વર્ષની વયના બે અજાણ્યા શખ્સો ગ્રાહકના સ્વાંગમાં આવ્યા હતા અને સંગીતાબેનને વાતોચિતોમાં વ્યસ્ત રાખ્યા પછી તેઓની નજર ચૂકવી કાઈન્ટર ખાનામાં રાખેલી ૩૦,૦૦ રૂપિયાની રોકડ રકમ તેમજ જરૂરી ડોક્યુમેન્ટ સાથેનું પાકીટ વગેરેની ચોરી કરી બંને ગઠિયાઓ છુંમંતર થયા હતા.

થોડીવાર બાદ વેપારી મહિલા સંગીતાબેન ને ઉપરોક્ત રોકડની ચોરી થઈ ગઈ હોવાનું ધ્યાનમાં આવતાં પોતાના પતિને ફોન કરીને બોલાવાયા હતા અને સમગ્ર મામલો સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જ્યાં પોલીસે દુકાનના માલિક કેતન રમેશભાઈ કણજારીયાની ફરિયાદના આધારે બે અજાણ્યા સક્ષો સામે ગુનો નોધ્યો છે અને સીસીટીવી કેમેરાની મદદથી બંનેને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરાઈ છે.

# જામનગર શહેરમાં પત્નીના મૃત્યુના વિયોગમાં પતિએ અનંતની વાટ પકડી

## એક મહિના પહેલા પત્નીનું બીમારીથી મૃત્યુ થયા બાદ પતિએ ખાધો ગળાફાંસો

જામનગર : જામનગરમાં ગાંધીનગર વિસ્તારમાં રહેતા એક વૃદ્ધે પત્નીના મૃત્યુ બાદ તેની ચિંતામાં પોતે પણ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં ગાંધીનગર નજીક મોમાઈનગર શેરી નંબર ૧માં રહેતા રણછોડભાઈ દેવજીભાઈ વઢવાણા નામના ૮૦ વર્ષના વૃદ્ધે ગઈકાલે સવારે પોતાના ઘેર રવેશની છતમાં લગાવેલા હિંડોળાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેથી ૧૦૮ની ટુકડીને સ્થળ પર બોલાવતાં તેઓએ રણછોડભાઈને તપાસતા તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવવા અંગે મૃતકના પુત્ર કિરણભાઈ રણછોડભાઈ વઢવાણાએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પૂછપરછમાં મૃતક રણછોડભાઈના પત્ની સરલાબેન કે, જેઓનું એક માસ પહેલાં બીમારીના કારણે અવસાન થયું હતું. તેથી તેઓ સતત ચિંતામાં રહેતા હતા અને તેમણે આ પગલું ભરી લીધાનું જાહેર કરાયું છે.

## જામનગરમાં વધુ ૩૦ ફોર્મ ઉપડતા કુલ આંક ૮૭ એ પહોંચ્યો

જામનગર : લોકસભાની સામાન્ય ચૂંટણી માટે ગત શુક્રવારથી ઉમેદવારીપત્રો રજુ કરવાનો પ્રારંભ થયો છે. જામનગરમાં પ્રથમ દિવસે ૫૭ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતાં જ્યારે ગઈકાલે વધુ ૩૦ ફોર્મનો થયો છે. અને ત્રણ ઉમેદવારીપત્ર રજુ થયા છે. જેમાં કોંગ્રેસના ઉમેદવારનો સમાવેશ થાય છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી માંટે શુક્રવારથી જાહેરનામુ પ્રસિદ્ધ થતા જ ઉમેદવારી પત્રો ભરાવવાનો પ્રારંભ થયો હતો. જામનગર બેઠક માટે ગત શુક્રવારે પ્રથમ દિવસે ૫૭ ફોર્મ ઉપડ્યા હતાં. જો કે, એક પણ ઉમેદવારે ફોર્મ ભર્યું ન હતું. તે પછી શનિવાર અને રવિવારની રજા હતી. જ્યારે ગઈકાલે સોમવારે ૩૦ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતાં. તેમાંથી ત્રણ ઉમેદવારી પત્રો ગઈકાલે રજૂ થયા હતા જે ત્રણેય કોંગ્રેસના ઉમેદવાર જે. પી. મારવિયા દ્વારા રજુ થયા છે. આમ, ગઈકાલ સુધીમા કુલ ૮૭ ફોર્મ ઉપડ્યા છે.

# ભાણવડમાં ખાનગી શાળાની હોસ્ટેલમાં વિદ્યાર્થિનીના આત્મહત્યા પ્રકરણમાં ગ્રામજનોએ પાઠવ્યું આવેદન

## હોસ્ટેલના સંચાલકોની નીતિ-રીતિને અરજદારોએ શંકાસ્પદ ગણાવી : મૃતકનું પોસ્ટમોર્ટમ થઈ રહયું હતુ ત્યારે પણ જવાબદાર વ્યકિતઓને ગેરહાજરી


તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : ભાણવડમાં રહેતી અને નવમાં ધોરણમાં અભ્યાસ કરતી ૧૫ વર્ષની તરુણ વિદ્યાર્થીનીએ તાજેતરમાં ગળાફાંસો ખાઈને તેણીની હોસ્ટેલના રૂમમાં જ આપઘાત કરી લીધાના શંકાસ્પદ મનાતા બનાવ સંદર્ભે ભાણવડ તાલુકાના રબારી સમાજ સહિતના ગ્રામજનોએ ભાણવડના મામલતદારને એક લેખિત આવેદનપત્ર પાઠવી અને આ રહસ્યમય આપઘાત પ્રકરણ સંદર્ભે તાકીદે તટસ્થ તપાસ તેમજ ગુનેગારોને સજા મળે તે માટેની લેખિત રજૂઆત કરી છે.

ભાણવડ તાલુકાના પાછતરડી ગામે રહેતા એક પરિવારની નવમાં ધોરણમાં અભ્યાસ કરતી સગીર વયની પુત્રી સેજલબેન રૂડાભાઈ કોડીયાતરએ પોતે જે આ વિસ્તારની શિવકૃપા વિદ્યાલય અને શાળાની હોસ્ટેલમાં અભ્યાસ કરતી હતી, તે જ હોટેલના રૂમમાં તારીખ ૧૩ એપ્રિલના રોજ વહેલી સવારે ગળાફાંસો ખાઈ લેતા આપઘાત બાદ સેજલબેનના મૃતદેહના પોલીસને પંચનામા કે જાણ કર્યા વગર જ ઉતારીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને મૃતક વિદ્યાર્થીને હોસ્પિટલે મૂકી અને શાળાના સંચાલકો નાસી છૂટ્યા હોવાનું આ આવેદનમાં જણાવાયું છે.

જે શાળામાં વિદ્યાર્થીની અભ્યાસ કરતી હોય, તે જ હોસ્ટેલમાં આવી અઘટિત દુઃખદ ઘટના બની હોય, છતાં પણ હોસ્ટેલ સંચાલકોની નીતિ-રીતિને અરજદારોએ શંકાસ્પદ ગણાવી છે. મૃતક તરુણીના પરિવારના સભ્યો દ્વારા શાળા સંચાલકોને ફોન કરીને જ્યાં પોસ્ટમોર્ટમ થઈ રહ્યું હતું, ત્યારે સરકારી હોસ્પિટલમાં બોલાવવા છતાં પણ જવાબદાર વ્યક્તિઓ આવ્યા ન હોવાનું જણાવી અને મૃતક વિદ્યાર્થીનીને કોઈપણ જાતનું આર્થિક કે પરિવારનું દબાણ ન હોવા છતાં પણ તેણી સાથે કોઈ અઘટીત ઘટના બની છે કે કેમ તેમ વધુમાં જણાવી આ અંગે સચોટ અને નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણમાં સગીરા સાથે અન્ય કોઈ બનાવ બન્યો છે કે કેમ તે અંગેની તપાસ સાથે તેણીને આપઘાત માટે મજબૂર કરનાર કોઈ ગુનેગાર સાબિત થાય તો તેના પર ધોરણસર કાયદાકીય કાર્યવાહી કરી અને દાખલારૂપ સજા મળે તે માટેની સવિસ્તૃત માંગ આ અરજીમાં કરવામાં આવી છે. આ અરજીની નકલ ગૃહ રાજ્ય મંત્રી, શિક્ષણ મંત્રી, સાંસદ, વિગેરેને પણ મોકલવામાં આવી છે.

# જામનગર શહેરમાં લારીવાળાઓ વચ્ચે તકરાર થતાં ત્રણ વ્યક્તિના માથા ફૂટયા

## સામસામા હુમલાની બન્ને પક્ષે નોંધાવાઈ પોલીસ ફરિયાદ

જામનગર : જામનગરમાં સજુબા સ્કૂલ વિસ્તારમાં ફ્રુટ- શાકભાજી વગેરેની રેકડી રાખવાના પ્રશ્ને બે રેકડી ચાલકો વચ્ચે તકરાર થઈ હતી, અને એકબીજાના જૂથમાં એકત્ર થઈ સામસામે હુમલા કરાયા હતા, જેમાં બંને વખતે પાંચ વ્યક્તિ ઈજાગ્રસ્ત બન્યા છે, જેમાં ત્રણ વ્યક્તિના માથાકૂટ્યા છે ને ટાંકા લેવા પડ્યા છે. જે મામલે સામસામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં સેન્ટ્રલ બેક્ર વિસ્તારમાં રહેતા અને ફ્રુટ ની લારી ચલાવતા પિયુષ પ્રવીણભાઈ દાવડા નામના ૨૪ વર્ષના રેંકડી ધારકે રેકડીને સાઈડમાં હટાવવાના મામલે પોતાના ઉપર તેમજ ભાઈ જીગ્નેશ, અને પિતા પ્રવીણભાઈ પર હુમલો કરી દઈ ગંભી ઈજા પહોંચાડવા અંગે બાજુમાં જ રેકડી ચલાવતા કાંતિ મનસુખભાઈ નકુમ, તેના ભાઈ સંજય મનસુખભાઈ નકુમ, અને પિતા મનસુખ જયરામભાઈ નકુમ સામે ફરિયાદ નોંધાવી છે.

જે હુમલામાં પોતાને માથામાં ઈજા થઈ હોવાથી ૧૦ ટાંકા લેવા પડ્યા છે, ત્યારે તેના પિતાને પણ માથામાં ઈજા થઈ હોવાથી પાંચ ટાંકા લેવા પડ્યા છે. અને તમામની જી.જી. હોસ્પિટલમાં સારવાર ચાલુ છે. આ પ્રકરણમાં સામા પક્ષે સંજય મનસુખલાલ નકુમ નામના રેકડી ધારકે પોતાના ઉપર તેમજ પોતાના ભાઈ અને પિતા પર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે ની રેંકડીધારક જીગ્નેશ અને પિયુશભાઈ સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જેમાં ફરિયાદી સંજયને પણ માથામાં ઈજા થઈ હોવાથી ૧૦ ટાંકા લેવા પડ્યા છે, અને તેઓની પણ સારવાર ચાલી રહી છે. ઉપરોક્ત મારામારી ના બનાવ અંગે પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદો નોંધી છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં રિક્ષાચાલક અને તેના મળતિયાએ મુસાફર વૃધ્ધ મહિલાની સોનાની કંઠી સેરવી લીધી

જામનગર : જામનગરમાં ગોકુલ નગર નજીક રામનગર શેરી નંબર પાંચમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા પોલાભાઈ કરસનભાઈ અસવાર નામના ૭૦ વર્ષના રાજગોર બ્રાહ્મણ કે જેઓ ગઈકાલે ગોકુલ નગર થી શંકર ભગવાનના મંદિરે જવા માટે એક રિક્ષામાં બેઠા હતા. જે દરમિયાન રિક્ષાચાલક અને તેના મળતીયાઓ કે જેઓ પેસેન્જર તરીકે બાજુમાં રિક્ષામાં બેઠા હતા, અને પોલાભાઈએ પોતાના ગળામાં પહેરેલી રૂપિયા એક લાખ ૬૦ હજારની કિંમતની રુદ્રાક્ષ અને તુલસીની સોનાની કંઠી ની ચોરી કરી લીધી હોવાનું પોલીસમાં જાહેર કર્યું છે. જે મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. અને જુદા જુદા સીસીટીવી કેમેરા વગેરેની મદદથી રીક્ષા ચાલક અને તેના મળતીયાઓને શોધવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર નજીક મોખાણા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા યુવાનનું મોત

જામનગર : જામનગર નજીક મોખાણા ગામના પાટીયા પાસે બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક સવાર મોરકંડા ગામના મામા ભાણેજ ઈજાગ્રસ્ત બન્યા પછી ભાણેજ નું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે, જ્યારે મામા સારવાર હેઠળ છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મોરકંડા ગામમાં રહેતા અને છૂટક મજૂરી કામ કરતા રાજેશભાઈ દિલીપભાઈ પરમાર (૩૫) કે જેઓ પોતાના ભાણેજ મનીષભાઈ ને બાઈક માં પાછળ બેસાડીને મોખાણા ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન સામેથી પુરઝડપે આવી રહેલા કોઈ અજ્ઞાત ફોરવ્હીલ ના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં મામા-ભાણેજ બંને ઈજાગ્રસ્ત બન્યા હતા, અને બંનેને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ભાણેજ મનીષનું સારવાર મળે તે પહેલાંજ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે રાજેશ દિલીપભાઈ પરમારને સારવાર અપાઈ રહી છે.આ અકસ્માતના બનાવ અંગે અજાણ્યા કાર ચાલક સામે ફરિયાદ નોંધાવતા પ્રોબેશનલ આઈપીએસ અજય કુમાર મિણા એ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં લાંચમાં ઝડપાયેલ હેડ કોન્સ્ટેબલના રિમાન્ડ પુરા થતાં જેલહવાલે

જામનગર : જામનગરમાં શનિવારે એસીબી ટ્રેપમાં ૩.૧૫ હજારની લાંચ લેતા ઝડપાયેલા આરોપી પોલીસ હેડકોન્સ્ટેબલના એક દિવસના રિમાન્ડ પુરા થતાં તેને જેલ હવાલે કરવા કોર્ટે આદેશ કર્યો છે. પોલીસ હેડ કોન્સ્ટેબલના ઘર અને બેક્રની તલાશીમાં તપાસનીશ ટીમને કંઈ મળી આવ્યું નથી. એક બોટલ સાથે ઝડપાયેલા એક આરોપીના વહિવટ પેટે રૂ.૧૫ હજારની લાંચ લેતા પોલીસ હેડ કોન્સ્ટેબલ બાદલ નિલેશભાઈ ચોટલીયાને


જામનગર એસીબી ટીમના પીઆઈ એમ.ડી.પટેલ અને ટીમએ રંગેહાથ પકડી પાડીને તેના સામે લાંચ રૂશ્વત

ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો. જે બાદ આ કેસની તપાસ રાજકોટના એસીબી પીઆઈ જે.એમ. આલએ સંભાળીને કોર્ટમાંથી આરોપી હેડ કોન્સ્ટેબલના સોમવારની સાંજ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. જે આજે પુરા થતાં આરોપી હેડ કોન્સ્ટેબલને કોર્ટમાં રજુ કરાતા કોર્ટ દ્વારા તેને જેલમાં મોકલાવા હુકમ થયો હતો. તપાસનીશ ટીમને આરોપીના ઘરની તપાસમાં કંઈ મળ્યું ન હતું. તેમજ બેકમાં તેનું કોઈ લોકર ન હોવાનું ખુલ્યું હતું.

# રાજકોટ: પોલીસ મારનો ભોગ બનેલા યુવાનનું મોત: હત્યાનો આક્ષેપ: હોસ્પિટલની બહાર હોબાળો

## આરોપી પોલીસ પકડાય તેવી માંગ સાથે લાશ સ્વીકારવાનો ઇનકાર : પોલીસ કમિશ્નરને રજૂઆત

રાજકોટ,

રાજકોટ શહેરના માલવીયા પોલીસ મથક વિસ્તારમાં આવેલા ખોડીયારનગરમાં પારકા ઝઘડામાં સમાધાન કરવા વચ્ચે પડેલા યુવકને માલવીયાનગ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને નિર્દોષ યુવકને ઉપાડી પોલીસ મથકે લઈ ગયા હતા અને તેમને બેફામ માર મારી છોડી મુકયો હતો. બાદમાં ઘરે આવેલા યુવાન પોતાના ઘરે રાત્રીના બેભાન થતાં તેમને વોકહાર્ટ હોસ્પીટલમાં ખસેડાયો હતો. જયાં તેમનું આજે સવારે સારવાર બાદ મોત નિપજતા પરિવારે દેકારો કરી મુકયો હતો.

આ મામલે મોડીરાત્રે મૃતકની પત્નીની ફરીયાદ પરથી અજાણ્યા વ્યકિત વિરૂધ્ધ માલવીયા પોલીસમાં હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ બનાવમાં હાલ કોઈને પણ સકંજામાં લેતાં મૃતકનાં પરિવારે મૃતદેહ સ્વિકારવાનો ઈનકાર કરી દીધો હતો. પરિવારે માંગણી કરી હતી કે આરોપીઓને પકડી લેવામાં આવે અને પોલીસ મથકમાં સીસીટીવી ફુટેજ બતાવવામાં આવે તો જ મૃતદેહ સ્વિકારવામાં આવશે. ત્યારબાદ મૃતકના પરિવારે અને દલીત સમાજે ટ્રાફીકજામ કરી મુકયો હતો.

બનાવની વધુ વિગતો અનુસાર ગોંડલ રોડ પર એસ.ટી. વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતા





તસવીર : દિલિપ ગોહેલ

ગીતાબેન હમીરભાઈ રાઠોડ (ઉ.૩૨) એ પોતાની ફરીયાદમાં જણાવ્યું હતું કે તેમના પતિ મજુરી કામ કરે છે અને સંતાનમાં તેઓને ૧૩ વર્ષનો પુત્ર અરમાન છે. ગઈ તા.૧૪ના રોજ રાત્રીના સમયે ખોડીયારનગર શેરી નં.૧૬માં રાજુભાઈ સોલંકી અને તેનો પુત્ર જયેશ પાડોશી સાથે ઝઘડો કરતા હતા ત્યારે જયેશ સોલંકીએ ગીતાબેનના પતિ હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈને બોલાવી જતા ત્યાં પોલીસની ગાડી બોલાવી હતી અને આ પોલીસ ગોપાલભાઈને મારતા-મારતા ગાડીમાં બેસાડી પોલીસ મથકે લઈ ગયા હતા. ત્યારબાદ પાડોશમાં રહેતા નાનજીભાઈને વાત કરતા નાનજીભાઈ માલવીયા પોલીસે ગયા હતા અને ત્યાનથી હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈને એકટીવામાં બેસાડી ઘરે લઈ આવ્યા હતા અને ઘરે આવી હમીરભાઈ સુઈ ગયા હતા ત્યારે તેઓ બેભાન હાલતમાં હતા અને સવારે અચાનક ન ઉઠતા તેમના કપડા બદલતા તેમના શરીરે લાલ ચાંભા જેવા નિશાન દેખાયા હતા. ત્યારબાદ તેમને વોકહાર્ટ હોસ્પીટલે લઈ જવામાં આવતા તેમને માથામાં હેમરેજ જેવી ગંભીર ઈજા હોવાનું માલુમ પડયું હતું.ગોંડલ રોડ પર ખોડીયારનગરમાં ગઈ તા.૧૪ના રોજ હમીરભાઈ પારકા ઝઘડામાં સમાધાન કરવા જતાં માલવીયા પોલીસ તેને ઉપાડી ગઈ હતી અને હમીરભાઈ નિર્દોષ હોવા છતાં પોલીસે બેફામ માર મારી શરીરે લાલ ચાંભા કરી દીધા હતા. ત્યારબાદ હમીરભાઈને ઘરે જવા દેતા તેમને હોસ્પીટલે ખસેડવામાં આવતા તેમનું સારવારમાં મોત નીપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. આ ઘટનામાં મૃતક હમીરભાઈના પરિવારજનો એ આક્ષેપ કર્યો હતો કે હમીરભાઈને માલવીયા પોલીસ મથકમાં નોકરી કરતા એએસઆઈ અશ્વિનભાઈ કાનગડ અને બીજા ત્રણ પોલીસવાળાએ કોઈ વસ્તુથી બેફામ માર મારતા તેમનું મોત નીપજયું છે. આજે બપોરે ન્યાયની માંગણી સાથે વોકહાર્ટની બહાર પરિવારે ચક્કાજામ કરતાં વાહન ચાલકોને હેરાનગતી થઈ હતી.દલીત સમાજનું ટોળું પોલીસ કમીશનર કચેરીએ સીપી રાજુ ભાર્ગવ પાસે રજુઆત માટે દોડી ગયું હતું. જો કે ત્યાં પોલીસ સ્ટાફે ટોળાને રોકી રાખતા સુત્રોચ્ચાર કર્યા હતા.

# રાજકોટના માંડા ડુંગર પાસેથી પિસ્તોલ-કાર્ટીસ સાથે એક પકડાયો

રાજકોટ,

રાજકોટના આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર નજીક નકલંક સોસાયટી-૧માં મહાકાળી મંદિરવાળી શેરીમાં રહેતાં જયસુખ ઉર્ફ જસો વલ્લભભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)ને ક્રાઈમ બ્રાંચે રૂા. ૨૦ હજારની દેશી બનાવટની પિસ્તોલ અને બે જીવતા કાર્ટીસ સાથે પકડી લીધો છે.શહેરમાં શરીર સંબંધી ગુનાઓ અને મિલ્કસત વિરોધી ગુના અટકાવવા ક્રાઈમ બ્રાંચની ટીમ અસરકારક કામગીરી કરવા પેટ્રોલીંગમાં હતી ત્યામરે હેડકોન્સર. અનિલભાઈ સોનારા, કોન્સ. હરદેવસિંહ રાણાને બાતમી મળતાં માંડા ડુંગર પાસે પીઠડઆઈ સોસાયટીમામંથી જયસુખ ઉર્ફ જસાને દબોચી લીધો હતો. તેના નેફામાં પિસ્તોલ હોવાની બાતમી હોઈ તલાસી લેતાં બે જીવતા કાર્ટીસ સાથેની પિસ્તોલ મળતાં કાર્યવાહી કરવામાં આવી હતી.જયસુખ વિરૂધ્ધ અગાઉ ડીસીબીમાં દારૂનો ગુનો નોંધાયો હતો. આજીડેમ પોલીસમાં મારામારી-ધમકીનો ગુનો નોંધાયો હોઈ તેમાં તે ફરાર પણ હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી. બી. બસીયાની રાહબીમાં પીઆઈ એમ.



તસવીર : દિલિપ ગોહેલ

આર. ગોંડલીયા, પીએસઆઈ એ. એચ. ગરચર, હેડકોન્સ . અનિલભાઈ સોનારા, કોન્સ . હરદેવસિંહ જાડેજા, મહેશભાઈ ચાવડા, હરપાલસિંહ જાડેજા, અશ્વિનભાઈ પંપાણીયા સહિતે આ કામગીરી કરી હતી.

# રાજકોટમાં બીઆરટીએસ રૂટ પર બેફામ દોડતી વધુ એક કારનો વિડીયો વાયરલ

રાજકોટ,

સોશ્યલ મીડિયામાં સક્રિય રહેવા અને ફોલોઅર્સ વધારવા માટે યુવાનો કાયદાનો ભંગ કરીને પણ વાહનો પ્રતિબંધિત બીઆરટીએસ રૂટ પર ચલાવી વિડીયો ઉતારી રીલ્સ સોશ્યલ મીડિયામાં અપલોડ કરતા હોય છે.

ત્યારે વધુ એક કાર ચાલકે ૧૫૦ ફુટ રીંગ, બીઆરટીએસ રૂટ પર પુરપાટ કાર ચલાવી વિડીયો ઉતારી ઈન્સ્ટાગ્રામમાં મુકતા માલવીયાનગર પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરી કાર ચાલક હર્ષ વાઘેલાની ધરપકડ કરી હતી.પ્રાપ્ત વિગત મુજબ માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એ.વી.ચાવડા તેમજ કોન્સ્ટેબલ સંજયભાઈને સોશ્યલ મીડિયામાં ૧૫૦ ફુટ રીંગ રોડ, બીગ બાઝાર અને નાના મવા સર્કલની વચ્ચે પ્રતિબંધીત બીઆરટીએસ કોરીડોર પર એક વ્યકિત કાર ચલાવતો હોવાનો વિડીયો વાયરલ થયો હોવાનું સામે આવતા તાત્કાલીક વિડીયોમાં દેખાતા વ્યકિતને શોધવા સાયબર ક્રાઈમની મદદ લઈ તપાસ કરતા તે વિડીયોમાં દેખાતો કાર ચાલક હર્ષ ભાવેશ વાઘેલા (ઉ.વ.૨૧, રહે. પ્રજાપતિ સોસાયટી, શેરી નં.૨) હોવાનું સામે આવ્યું હતું. જે બાદ તાત્કાલીક સ્ટાફે આરોપી સામે ગુનો નોંધી યુવાનની ધરપકડ કરી પુછપરછ કરતા પોતે વિડીયો પોતાના આઈફોનમાં ઉતારી વાયરલ કરવા માટે ઈન્સ્ટાગ્રામ એપ્લીકેશનમાં અપલોડ કર્યા હોવાની કબુલાત આપી હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સવારથી ફરી હવામાન પલ્ટો : બપોરે કાળઝાળ ગરમી

## અમરેલી-ગીરસોમનાથ અને ઉ. ગુજરાતમાં વરસાદની આગાહી

રાજકોટ,

રાજકોટ-સહિત સૌરાષ્ટ્ર-કચ્છનાં વિવિધ ભાગોમાં આજે સવારે ફરી એકવાર હવામાન પલ્ટાની અસર દેખાઈ હતી.અને વાદળછાંયુ વાતાવરણ છવાયું હતું.દરમ્યાન આજે સવારે રાજકોટમાં, પણ ચોમાસા જેવુ વાતાવરણ છવાયું હતું.આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૯.૬ ડિગ્રી, અને લઘુત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી નોંધાયું હતું.

જયારે હવામાં ભેજ ૬૫ ટકા રહ્યો હતો અને પવની સરેરાશ ઝડપ ૯ કી.મી.રહેવા પામી હતી.જયારે જામનગર શહેરમાં ધીમે ધીમે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે આમ જોઈએ તો છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાનનો પારો ૩૬ ડિગ્રીએ રહે છે તેની સાથે સાથે લઘુતમ તાપમાન નો પારો પણ ૨૬.૫ ડિગ્રીએ પહોંચ્યો છે. જયારે ભેજના પ્રમાણમાં ૫ ટકાનો ઘટાડો નોંધાય રહ્યો છે આજે ભેજનું પ્રમાણ ૬૭ ટકા પહોંચી ગયું છે જયારે પવનની ગતિ ૬.૯ ની નોંધાય છે

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયુ હતું.જયારે લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રી અને શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા રહ્યું હતું આમ પવનની ગતિ પ્રતિકલાક ૬.૯ કિલોમીટર નોંધાઈ છે. દરમ્યાન રાજય હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ સાઉથ રાજસ્થાન અને ઉત્તર ગુજરાત ઉપર સાયકલોનિક સર્કયુલેશન છવાયું છે. જેનાં કારણે હજુ આવતા બે દિવસ રાજયના વિવિધ ભાગોમાં વાદળીયું વાતાવરણ છવાયેલુ રહેશે.અને અમરેલી-ગીરસોમનાથ તથા ભાવનગર જિલ્લામાં અને ઉત્તરગુજરાતનાં અમૂક જિલ્લાઓમાં આવતા બે દિવસ દરમ્યાન ગાજવિજ સાથે કમોસમી વરસાદ વરસી શકે છે.

# પરષોત્તમ ભાઈ રૂપાલાએ રાજકોટથી ઉમેદવારી નોંધાવી, કેસરીયો રોડ-શો

## શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી નોંધાવતા રૂપાલા : ડમી તરીકે મોહન કુંડારિયા સહિત ૪ ઉમેદવારે ફોર્મ ભર્યું : પરસોતમ ભાઈ રૂપાલા પાસે પોતાની કાર નથી પણ વિદેશી પિસ્તોલ છે, પત્ની પાસે ૮૧ લાખનું સોનું



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

પુરુષોત્તમ ભાઈ રૂપાલાએ જાગનાથ મંદિરે દર્શન કર્યા બાદ રોડ-શોનો પ્રારંભ કર્યો હતો. જેમાં પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી- ભાજપ પ્રદેશ શહેર પ્રમુખ મુકેશ દોશી પણ જોડાયા હતા.રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ ભાઈ રૂપાલાએ આજે વિજય મુહૂર્ત પહેલાં જ ઉમેદવારી ફોર્મ ભર્યું. વિજય મુહૂર્તનો સમય ૧૨.૩૯ નો હતો જોકે તેની જગ્યાએ ૧૧.૧૫ થી ૧૧.૩૦ ના લાભ ચોઘડિયામાં તેમણે ફોર્મ ભર્યું છે. કલેક્ટર કચેરી ખાતે પહોંચી કલેક્ટર સમક્ષ ફોર્મ રજૂ કર્યું હતું. રૂપાલા યાજ્ઞિક રોડ પરના જાગનાથ મંદિરે ભગવાન શંકર સમક્ષ શીશ ઝુકાવી રેલી સ્વરૂપે બહુમાળી ભવન ચોક ખાતે પહોંચ્યા હતા.બહુમાળી ચોક ખાતે જંગી સભાને સંબોધી હતી. રેલી દરમિયાન તેમના સમર્થનમાં હજારો કાર્યકરો ઊમટી પડ્યા હતા, પુરુષોત્તમ રૂપાલાની સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ભરત બોઘરા સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડમી તરીકે મોહન કુંડારિયાએ ફોર્મ ભર્યું છે.

રૂપાલાએ ચૂંટણીપંચ સમક્ષ રજૂ કરેલા સોગંદનામા મુજબ, તેમની પાસે વિદેશી બનાવટની પિસ્તોલ છે. જ્યારે તેમની કે તેમના પત્ની પાસે કાર નથી. તેમજ પત્ની સવિતાબેન પાસે ૮૧ લાખની કિંમતનું ૧૩૯૦ ગ્રામ સોનું છે. સોગંદનામામાં પતિ-પત્ની પાસે પોણા ૬ કરોડ રૂપિયા વ્યક્તિ દીઠ જંગમ મિલકત હોવાનું જણાવ્યું, વર્ષ ૨૦૨૨-૨૩માં પુરુષોત્તમ રૂપાલાએ ૧૫ લાખ ૭૭ હજાર ૧૧૦ રૂપિયાની આવક થઈ હોવાનું દર્શાવ્યું છે. ઈજભ. ઈ.ઊમ સુધીનો અભ્યાસ દર્શાવ્યો છે.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારે જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભા બેઠક પર આજે નામાંકન પત્ર ભરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, કર્ણાટકના રાજ્યપાલ વજુ વાળા ઉપરાંત ભાજપના નેતાઓ, કોર્પોરેટરો સહિતનાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને શાંતિપૂર્ણ વાતાવરણમા ફોર્મ ભરવામાં આવ્યુ. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાજપના આગેવાનો અને કાર્યકરોની હાજરીમાં ફોર્મ ભર્યું છે. ક્ષત્રિય સમાજ સાથે ગાંધીનગરમાં વાટાઘાટો ચાલી રહ્યો છે. રસ્તો આ રીતે જ નીકળે છે અને મને પુરી શ્રદ્ધા છે કે ક્ષત્રિય સમાજ દેશના હિતમાં વિચારશે.

સૌથી વરિષ્ઠ નેતા વજુભાઈને હું વંદન કરું છું. તેમણે સ્ટેજ પર ઉપસ્થિત ક્ષત્રિય સમાજના આગેવાનોનો પણ આભાર માન્યો. કહ્યું કે, સમગ્ર ક્ષત્રિય સમાજને નમ્ર વિનંતી કરું છું કે મોટું મન રાખીને ભારતીય જનતા પાર્ટીના વિજયમાં આપ સૌ જોડાવ, તમારા સહયોગની જરૂર છે. રાજકોટ લોકસભાના કાર્યકર્તા ભાઈઓ, મતદાર ભાઈઓ તમે જે ઉત્સાહથી અમને વધાવ્યા એ બદલ હું નતમસ્તક છું. જાગનાથથી અહીં સુધી આ ભીડમાં ચાલીને અહીં આવ્યા હોય તેમને સમગ્ર મલકમાં મત આપવા અભિયાન ચલાવો એવી મારી વિંનતી છે.

વધુમાં રૂપાલાએ જણાવ્યું હતું કે, તેમણે સમગ્ર ક્ષત્રિય સમાજને અપીલ કરતા જણાવ્યું હતું કે, આજે અહીં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો સમર્થન કરવા આવ્યા છે, તે બદલ હું તેમનો આભાર માનું છું, સાથે જ સમગ્ર ક્ષત્રિય સમાજને નમ્ર વિનંતી કરું છું કે મોટું મન રાખીને ભારતીય જનતા પાર્ટીના વિજયમાં આપ સૌ જોડાવ, તમારા સહયોગની અમને જરૂર છે. કેસરી સાડીમાં સજ્જ બહેનો તથા સાફામાં સજ્જ ભાજપના કાર્યકર્તાઓ અને ટેકેદારોના જબરા સમૂહ સાથે રૂપાલાએ રોડ-શો કર્યા હતા અને બહુમાળી પાસે જાહેરસભાને સંબોધીત કરીને રાજકોટમાં તેમના પ્રચંડ વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પરંતુ ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકીટ રદ ન થાય તો કોઈ સમાધાનનો ઈક્કાર કરતા અંતે ભાજપે પડયા તેવા દેવાશે તે નિતી અપનાવીને પરસોતમ રૂપાલાને ફોર્મ ભરવા માટે લીલીઝંડી આપી દીધી હતી અને આજે શક્તિપ્રદર્શન પણ કર્યુ હતું.

## રાજકોટની જનતા રૂપાલાજીને જ વિજય બનાવશેઃ વિજયભાઈ રૂપાણી



રાજકોટ,

પરસોતમ રૂપાલાએ લોકસભાની ચુંટણી માટે ઉમેદવારીપત્રક ભર્યું હતું. આ તકે પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પુર્વ રાજયપાલ વજુભાઈ વાળા, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ભરત બોઘરા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પરસોતમ રૂપાલાને શુભકામનાઓ પાઠવી હતી.વિજયભાઈ રૂપાણી જણાવે છે કે, કાર્યકરો અને મોટી સંખ્યામાં સમર્થકોની હાજરીમાં આજરોજ પરસોતમ રૂપાલાજીએ ઉમેદવાર ફોર્મ ભર્યુ છે. રાજકોટની જનતા પર પુરો વિશ્ર્વાસ છે કે પરસોતમ રૂપાલાને જ વિજય બનાવશે.

# રાજકોટ શાંતિનગરમાં યુવાનનું હૃદય બેસી ગયું : બેભાન હાલતમાં મોત

રાજકોટ,

રાજકોટ શહેરમાં રૈયાધાર પાણીનાં ટાંકા પાસે શાંતિનગરમાં રહેતો યુવક સવારે ન ઉઠતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. એકના એક દીકરાનું હાર્ટ એટેકથી મોત નીપજતાં પરિવારમાં કલ્પાંત છવાયો છે.

બનાવની વિગત મુજબ દર્પણભાઈ મોતીલાલ તન્ના (ઉ.વ.૩૨ રહે-શાંતિનગર સન સિટી એક્ક્લવ રૈયા ધાર પાણીનાં ટાંકા પાસે) ને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. યુવક પોતાનાં ઘરે સવારે ન ઉઠતા પરિવારજનોએ જગાડવાનો પ્રયાસ કર્યો છતાં પણ ઉઠતાં યુવકને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતો. મૃતકને ડાયાબીટીસની બીમારી હતી. તેઓ એક બહેનમાં નાના હતા. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# જૂનાગઢમાં રાજકોટના યુવકને હનીટ્રેપમાં ફસાવનાર બે યુવતિ સહિત ચાર પકડાયા

## વોટસએપ-ફોનથી મિત્રતા કેળવીને નગ્ન ફોટા વાયરલ-દુષ્કર્મની ધમકી આપીને ૨૫ લાખ માગ્યા હતા

જૂનાગઢ,

જુનાગઢ સુભાષનગર વિસ્તા ૨, જોષીપરા ખાતે ફરીયાદી સાથે આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી આરોપી એક મહિલાએ ફરીયાદી સાથે ફોનથી તથા વોટસએપથી મિત્રતા કરી જુનાગઢ ખાતે ઘરે બોલાવી ફરીયાદીના કપડા કઢાવી પોતે નગ્ન કરી અન્યથ આરોપીઓ આવી જઈ મોબાઈલમાં તારા નગ્ન ફોટાઓ છે, તારા ઉપર બળાત્કાપરનો કેસ કરવાની ધમકી આપી આરોપીઓ દ્વારા પૈસાથી સમાધાન કરાવી લેવાનુ જણાવી અને પચ્ચીળસ લાખ આપવા પડશે તેમ જણાવી ચોપડામાં ફરીયાદીના હાથે લખાણ કરાવી સાત લાખ સોમવારે આપવા પડશે નહીતર પતાવી દઈશે તેવી ધમકી આપી ફરીયાદીના હાથમાં પહેરેલ સોનાની વીટી સાડા છ ગ્રામની કિ.રૂા..૪૦,૦૦૦/- તથા અસલ આધારકાર્ડ તથા અસલ ડ્રાઈવીંગ લાયસન્સ્ બળજબરી કઢાવી લીધા હતા.

ઉપરોકત બનેલ બનાવની ગંભીરતા ધ્યાકને લઈ જૂનાગઢ રેન્જ-નાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તથા



પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ હનીટ્રેપના ગુન્હાંની ગંભીરતા પૂર્વક તપાસ કરી, ગુનાના મૂળ સુધી પહોંચી, આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા માટે સૂચના કરવામાં આવેલ હતી. એસ.ઓ.જી ટીમ વોંચમાં રહેલ અને બાતમીદારો તથા ફરીયાદીના જણાવ્યો મુજબના બે આરોપીઓને એક મો.સા. રજી.નં.જીજે-૦૩-એમડી-૭૯૯૯ સાથે પકડી પાડી અને એસ.ઓ.જી ઓફીસ ખાતે લઈ આવી પુછપરછ કરતા સદર બનાવમાં પોલીસે હીનાકાનજીભાઈ નારણભાઈ વાઢેર, ઉવ.૨૫ ધંધો.બ્યુ ટી પાર્લર રહે.જૂનાગઢ, ઝાંઝારડા, ચોબારી ફાટક પાસે, ચાંદ ટાવરની બાજુમાં, નિયોજીત નરસિંહભાઈ કુંમ્મર, ઉવ.૩૩, રહે.રાજકોટ, કાંગશીયાળી ગામ-કલ્પનવન રેસીડન્સં બ્લૉક નંબર ૨૦૭, ધરમશીભાઈ રહે.ગોંડલ વાળાના મકાનમાં ભાડેથી મુળ રહે.ખીરસરા ઘેડ તા.કેશોદ જી.જૂનાગઢ, રાહુલ સુરેશભાઈ પરમાર, ઉ.વ.૨૮, ધંધો.વાહન લે-વેચ, રહે.હાલ કલ્પકવન સોસાયટી, આસ્થાો ગ્રીનસીટી, બ્લો ક નંબર ૨૦૭, રાજકોટ.મુળ રહે.ગરનાળા, તા.ગોંડલ, જી.રાજકોટ, હિના રમેશભાઈ કનુભાઈ વિરડીયા, ઉ.વ.-૪૦, ધંધો-ઘરકામ, રહે.ખલીલપુરરોડ, સુભાષનગર, શુભેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં, શેરી નં.૧, જોષીપરા, જૂનાગઢની ધરપકડ કરી છે.આ કામગીરીમાં એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ. પી.કે.ચાવડા, પો.સબ.ઈન્સજ. એસ.એ.સોલંકી, એ.એસ.આઈ. જીતેન્દ્રસિંહ વિગેરે સ્ટાકફ આ કામગીરીમાં જોડાયેલ હતો.